સેનેટ (વાર્ષિક સભા)

તા.27-03-2018

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી

## જામનગર.

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સેનેટની વાર્ષિક સભા તા.27-03-2018 ને મંગળવારના રોજ સવારના 11-00 કલાકે યુનિવર્સિટી કાર્યાલય, ચાણકય ભવન, જામનગર ખાતે મળેલ. માન.કુલાધિપતિશ્રી કાર્યાલયના પત્ર **No.UNI-2208-F-2398-GS-873,** તા.31-01-2018 મુજબ માન.કુલાધિપતિશ્રી ઉપસ્થિત રહી શકે તેમ ન હોય તેઓશ્રીની અનઉપસ્થિતિમાં સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી વૈદ્યશ્રી સંજીવ એમ. ઓઝાએ સંભાળેલ.

**સદસ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી**

| | | |
|---|---|---|
| 1) | વૈદ્યશ્રી સંજીવ એમ. ઓઝા, કુલપતિશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી | જામનગર |
| 2) | વૈદ્ય અનુપકુમાર ભાલચંદ્ર ઠાકર, ડાયરેક્ટર ઓફ બોર્ડ ઓફ પીજીટી | જામનગર |
| 3) | શ્રી આર. એમ. ઝાલા, કુલસચિવ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી | જામનગર |
| 4) | વૈદ્ય અર્જુનસિંઘ સુખદેવસિંઘ બઘેલ, શિક્ષકશ્રી | જામનગર |
| 5) | વૈદ્ય કમલેશ હેમંતલાલ ભોગાયતા, શિક્ષકશ્રી | ભાવનગર |
| 6) | વૈદ્ય દિપસિંહ ભીખુભાઈ ચાવડા, શિક્ષકશ્રી | આણંદ |
| 7) | વૈદ્ય ધર્મેન્દ્રસિંહ બ્રિજરાજસિંહ વાઘેલા, શિક્ષક, પી.જી. બોર્ડ | જામનગર |
| 8) | વૈદ્ય રવિન્દ્રભાઈ નટવરલાલ અમીન, સ્નાતક | વડોદરા |
| 9) | વૈદ્ય હનીફમોહમદ દાઉદભાઈ બંગલાવાલા, સ્નાતક | સુરત |
| 10) | વૈદ્ય હસમુખ કરશનભાઇ પટેલ, સ્નાતક | અમદાવાદ |
| 11) | વૈદ્ય ગૌરાંગકુમાર હસમુખભાઇ દરજી, સ્નાતક | ઠાસરા |
| 12) | વૈદ્ય કાન્તિલાલ લક્ષ્મીદાસ કોરડીયા, સ્નાતક | જુનાગઢ |
| 13) | વૈદ્ય વિપુલકુમાર શંકરલાલ વ્યાસ, સ્નાતક | ભાવનગર |
| 14) | વૈદ્ય અતુલભાઈ વૈદ્ય, ગુજ.આયુ. વિકાસ મંડળ | અમદાવાદ |
| 15) | શ્રી રમણિકલાલ કે. શાહ, શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ સોસાયટી | જામનગર |
| 16) | વૈદ્ય કિરીટભાઈ બી. પટેલ, ગુજરાત સરકાર નિયુક્ત | અમદાવાદ |
| 17) | વૈદ્ય વાસુદેવ પંડ્યા, ગુજરાત સરકાર નિયુક્ત | ખેડા |
| 18) | વૈદ્ય પ્રેમજીભાઈ એસ. સાપાવાડીયા, ગુજરાત સરકાર નિયુક્ત | ભાવનગર |
| 19) | વૈદ્ય દિનેશભાઈ શર્મા, ગુજરાત સરકાર નિયુક્ત | સુરત |

**નીચે દર્શાવેલ સદસ્યશ્રીઓ ગેરહાજર રહેલ.**

| | | |
|---|---|---|
| 1) | પરમ સન્માનીય શ્રી ઓ.પી. કોહલી,<br>માન.કુલાધિપતિશ્રી અને રાજયપાલશ્રી, ગુજરાત રાજય | ગાંધીનગર |
| 2) | શ્રી બી. ટી. ત્રિવેદી, ભૂતપૂર્વ કુલપતિશ્રી | સુરત |
| 3) | સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ગાંધીનગર |
| 4) | કમિશ્નર, હેલ્થ એન્ડ મેડીકલ સર્વિસીઝ | ગાંધીનગર |

| | | |
|---|---|---|
| 5) | નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિ | ગાંધીનગર. |
| 6) | એડવાઈઝર(આયુર્વેદ), આઈ.એસ.એમ.એન્ડ એચ. | ન્યૂદિલ્હી |
| 7) | વૈદ્ય મલ્હારી કમલાકર સરદેશપાંડે, આચાર્યશ્રી, જી. જે પટેલ આયુર્વેદ કોલેજ | વી. વી. નગર |
| 8) | વૈદ્ય રાકેશકુમાર બશિષ્ઠ મિશ્રા, શિક્ષકશ્રી | જુનાગઢ |
| 9) | વૈદ્ય ધર્મેન્દ્રકુમાર વાસુદેવ રાવલ, સ્નાતક | ડીસા |
| 10) | સચિવશ્રી, આયુષ વિભાગ, મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલફેર | ન્યુ દિલ્હી |
| 11) | એડવાઈઝરશ્રી, આયુષ વિભાગ, મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલફેર | ન્યુ દિલ્હી |

સૌ પ્રથમ માન.કુલપતિશ્રી દ્વારા સેનેટની સભામાં ઉપસ્થિત રહેલ સર્વે સેનેટ સદસ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ માન.કુલસચિવશ્રી દ્વારા નવનિયુકત થયેલા શિક્ષક વિભાગના સેનેટ સદસ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું. પરીક્ષા વિભાગ માટે તૈયાર કરવામાં આવેલ MKCL પ્રોગ્રામ અંગે વિસ્તૃત માહિતીની છણાવટ કરવામાં આવેલ હતી.

**<u>કાર્યસૂચિ-1</u>** **તા.24-03-2017 ના રોજ મળેલ સેનેટની વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધ મંજુર કરવા અંગે.**

ઉપરોકત સેનેટની વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધ સર્વાનુમતે મંજુર કરવામાં આવતા પ્રમુખશ્રીએ તેના પર સહી કરી.

**<u>કાર્યસૂચિ-2</u>** **તા.24-03-2017 ના રોજ મળેલ સેનેટની વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધ પર લેવામાં આવેલ પગલાં બાબત.**

સેનેટની ઉપરોકત સભાની કાર્યવાહીની નોંધ પર લેવામાં આવેલ પગલાંની નોંધ લેવામાં આવેલ.

**<u>કાર્યસૂચિ-3</u>** **પ્રશ્નોતરી (સમય-૧ કલાક)**

## <u>1) સેનેટર વૈદ્ય અર્જુનસિંઘ એસ. બઘેલ તરફથી પુછવામાં આવેલ પ્રશ્નો નીચે મુજબ છે.</u>

**પ્રશ્ન – 1** **ગુલાબ કુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલયના કેટલા વિદ્યાર્થીઓ એ છેલ્લા પાંચ વર્ષોમાં યુનિવર્સિટીના પરિક્ષામાં એકથી પાંચમો ક્રમાંક મેળવેલ છે તેની સંખ્યા તથા નામ જણાવવા.**

જવાબ-1. માહિતી **<u>પરિશિષ્ટ-૧</u>** થી સામેલ છે.

**પ્રશ્ન – 2** **ગુજરાતના કુલ કેટલા વિદ્યાર્થીઓને છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા પી.એચ.ડી. ની ડીગ્રી એનાયત કરવામાં આવેલ છે.**

જવાબ-2. આ અંગેની માહિતિ વિદ્યાર્થીઓના ડિગ્રી રજિસ્ટર પ્રમાણે નીચે મુજબ છે.

| Ph.d(Ayu) 2012-14 | | |
|---|---|---|
| **No.** | **Name** | **Subject** |
| 1 | Gohel Salim Dadabhai | Kaumarbhritya |
| 2 | Ram Jaiprakash Bholanath | Kayachikitsa |
| 3 | Tanna Ilaben Revabhai | Roga Nidana Vikriti Vijnana |

| Ph.d (Ayu) 2014-15 | | |
|---|---|---|
| 1 | CHAUDHARI VARSHABEN MAVJIBHAI | Shalakya Tantra |
| 2 | JOSHI ABHISHEK JAGDISHBHAI | Kaumarbhritya |
| Ph.D.(Ayu) 2015-16 | | |
| 1 | PANARA KALPESH BHOJABHAI | DRAVYAGUNA |
| 2 | MAKWANA AMIT JAYENDRA | DRAVYAGUNA |
| 3 | JOSHI KRUTIKA JITENDRA | DRAVYAGUNA |
| 4 | ATARA ACHYUTABEN GIRDHARBHAI | SHALAKYA TANTRA |
| 5 | AMIN HETALBEN DAHYABHAI | AYURVED SIDDHANT AND DARSHAN |
| 7 | RUPAPARA AMITKUMAR VELJIBHAI | PRASUTI TANTRA STRIROGA |
| Ph.D.(Ayu) 2016-17 | | |
| 1 | VYAS HETAL DEVENDRA | KAYACHIKITSA |
| 2 | RAGHAVANI HEMANG UMEDKUMAR | PANCHAKARMA |
| 3 | KAPADIYA PARUL RAJNIKANT | KAYACHIKITSA |
| 4 | PARMAR NEHA ANILKUMAR | DRAVYAGUNA |
| 5 | JOSHI SHIVAM GHANSHYAMBHAI | KAYACHIKITSA |

<u>વૈદ્ય ધર્મેન્દ્રસિંહ બી. વાઘેલા</u>

**પુરક પ્રશ્ન ગુજરાત સિવાયના પી.એચ.ડી. નાં વિદ્યાર્થીઓની માહિતી આપવી ?**

જવાબ - માંગવામાં આવેલ માહિતી પ્રમાણે વિગતો આપવામાં આવેલ છે.

**પ્રશ્ન – 3 ઉપરોક્ત પી.એચ.ડી. ની ડીગ્રી કયા કયા વિષયમાં એનાયત કરેલ છે તેની વિગતો આપવા વિનંતી.**

જવાબ-3. આ અંગેની માહિતીનો જવાબ-2 માં સમાવેશ થઇ જાય છે.

**પ્રશ્ન – 4 આઇ.પી.જી.ટી. એન્ડ આર.એ. દ્વારા છેલ્લા બે વર્ષ દરમ્યાન કરવામાં આવેલ સેમિનાર તથા વર્કશોપની સંખ્યા આપવા વિનંતી.**

જવાબ-4.

| ક્રમ | વિભાગ | | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ |
|---|---|---|---|---|
| ૧ | કૌમારભૃત્ય | સેમિનાર | ૧ | ૦ |
| ૨ | દ્રવ્યગુણ | સેમિનાર | ૧ | ૧ |

**પ્રશ્ન – 5 ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય દ્વારા છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન કરવામાં આવેલ સેમિનાર તથા વર્કશોપની તમામ વિગતો જણાવશો.**

જવાબ-5. ૧. નેશનલ સેમીનાર-૨ (બે) ૨. વર્કશોપ-૮ (આઠ)

<u>વૈદ્ય ધર્મેન્દ્રસિંહ બી. વાઘેલા</u>

**પુરક પ્રશ્ન** **ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય દ્વારા છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન કરવામાં આવેલ સેમિનાર તથા વર્કશોપની તમામ વિગતો આપવામાં આવેલ નથી ?**

જવાબ - સેમિનાર તથા વર્કશોપની તમામ વિગતો મંગાવીને પુરી પાડવામાં આવશે.

**પ્રશ્ન – 6** **સસોઇ તથા યુનિવર્સિટીના હર્બલ ગાર્ડનમાં રહેલ કુલ વનૌષધિ ની સંખ્યા તથા નામ જણાવશો.**

જવાબ-6. સસોઇ તથા યુનિવર્સિટીના હર્બલ ગાર્ડનમાં રહેલ કુલ વનૌષધિ ની સંખ્યા તથા નામ **<u>પરિશિષ્ટ-૨</u>** થી સામેલ છે.

**પ્રશ્ન – 7** **ગુલાબ કુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલયમાં છેલ્લા પાંચ વર્ષમાં એડમિશન મેળવેલ વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા જણાવશો.**

જવાબ-7.

| વર્ષ | એડમીશન મળેલ વિદેશી વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|
| 2013-14 | 08 |
| 2014-15 | 09 |
| 2015-16 | 09 |
| 2016-17 | 10 |
| 2017-18 | 09 |

**પ્રશ્ન – 8** **ઉપરોકત વિદેશી વિદ્યાર્થીઓ ક્યા ક્યા દેશના છે તેની સંપૂર્ણ વિગતો આપશો.**

જવાબ-8.

| વર્ષ | સંખ્યા | દેશના નામ |
|---|---|---|
| 2013-14 | 08 | બ્રાઝીલ, નેપાળ, સ્પેઈન, પોર્ટુગલ, બલગેરીયા, સાઉથ આફ્રિકા, ફ્રાન્સ |
| 2014-15 | 09 | જાપાન, તાઈવાન, બલગેરીયા, નેપાળ, યુ.એસ.એ., |
| 2015-16 | 09 | હંગેરી, જાપાન, નેપાળ, ઓસ્ટ્રેલીયા, યુગાન્ડા, બાંગ્લાદેશ, બ્રાઝીલ |
| 2016-17 | 10 | ચીલી, શ્રીલંકા, સ્વીટઝરલેન્ડ, ઈરાન, કેનીયા, રશીયા, જર્મીન, યુ.એસ.એ. |
| 2017-18 | 09 | જાપાન, શ્રીલંકા, આરમેનીયા, ઓસ્ટ્રીયા, બ્રાઝીલ, પોર્ટુગલ, રોમાનીયા, ઈરાન |

**પ્રશ્ન – 9** **યુ.જી.બોયઝ હોસ્ટેલમાં હાલ કેટલા વિદ્યાર્થીઓ રહે છે અને કુલ કેટલા રૂમ છે ?**

જવાબ-9. હાલમાં યુજી બોયઝ હોસ્ટેલમાં ૯૫ વિદ્યાર્થીઓ રહે છે. હોસ્ટેલના કુલ રૂમો -૩૯.

**પ્રશ્ન – 10** **યુ.જી.ગર્લ્સ હોસ્ટેલમાં હાલ કેટલી વિદ્યાર્થીનીઓ રહે છે અને કુલ કેટલા રૂમ છે ?**

જવાબ-10. હાલમાં યુજી ગર્લ્સ હોસ્ટેલમાં ૧૮૦ વિદ્યાર્થીનીઓ રહે છે. હોસ્ટેલના કુલ રૂમો -૪૬.

<u>વૈદ્ય ધર્મેન્દ્રસિંહ બી. વાઘેલા</u>

**પુરક પ્રશ્ન** **યુ.જી.ગર્લ્સ હોસ્ટેલમાં એક રુમમાં 4-વિદ્યાર્થીનીઓ રહે છે તેથી તેઓને અભ્યાસ કરવામાં મુશ્કેલી પડતી હોવાથી ગર્લ્સ હોસ્ટેલના રુમોની સંખ્યા વધારવી જોઇએ?**

જવાબ - ચાલુ વર્ષે એડમીશનમાં છોકરાઓની સંખ્યા વધારે હોવાથી વિદ્યાર્થીનીઓને મુશ્કેલી પડેલ નથી તેમજ નવી હોસ્ટેલની બાંધકામની મંજુરી મળી ગયેલ હોવાથી આ મુશ્કેલીનું નિરાકરણ થઇ શકશે.

**પુરક પ્રશ્ન હોસ્ટેલમાં મેરીટ મુજબ એડમીશન આપવું જોઇએ ?**

જવાબ - એડમીશન સમયે હોસ્ટેલમાં મેરીટ મુજબ વ્યવસ્થા કરવા અંગેની કાર્યવાહી કરવા આચાર્યશ્રીઓને જાણ કરવામાં આવશે.

<u>વૈદ્ય દિપસિંહ બી. ચાવડા</u>

**પુરક પ્રશ્ન વિદ્યાર્થીનીઓ તરફથી કોઇ ફરીયાદ આવેલ છે ?**

જવાબ - વિદ્યાર્થીનીઓ તરફથી કોઇ ફરીયાદ યુનિવર્સિટીને મળેલ નથી.

**પ્રશ્ન – 11 યુનિવર્સિટી કેમ્પસને વાઇ ફાઇ કરવા માટે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ ?**

જવાબ-11 ના.

<u>વૈદ્ય ધર્મેન્દ્રસિંહ બી. વાઘેલા</u>

**પુરક પ્રશ્ન યુનિવર્સિટી કેમ્પસને વાઇ ફાઇ કરવાની કાર્યવાહી કરવી જોઇએ ?**

જવાબ - યુનિવર્સિટી કેમ્પસને વાઇ ફાઇ કરવા માટે થનાર ખર્ચ અંગે અનુદાન મેળવવા માટે સરકારશ્રીમાં રજુઆત કરવામાં આવશે.

**પ્રશ્ન – 12 જો ઉપરોક્ત પ્રશ્નનો જવાબ હા હોય તો કરવામાં આવેલ તમામ કાર્યવાહીની વિગતો આપવી.**

જવાબ-12. પ્રશ્ન ઉપિસ્થત થતો નથી.

**પ્રશ્ન – 13 આઇ.આઇ.એ.પી.એસ. સંસ્થામાં હાલ કુલ કેટલા શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓ ફરજ બજાવે છે તેની સંપૂર્ણ વિગતો આપવા વિનંતિ.**

જવાબ-13. આઇ.આઇ.એ.પી.એસ. સંસ્થામાં હાલ કુલ કેટલા શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓ ફરજ બજાવે છે તેની સંપૂર્ણ વિગતો <u>**પરિશિષ્ટ-3**</u> થી સામેલ છે.

**પ્રશ્ન – 14 વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ઉપરોકત સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમમાં કુલ કેટલા વિદ્યાર્થીઓના એડમિશન થયા તેની અભ્યાસક્રમ વાર સંપૂર્ણ વિગતો આપવા વિનંતિ.**

જવાબ-14. વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ઉપરોકત સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમમાં કુલ કેટલા વિદ્યાર્થીઓના એડમિશન થયા તે <u>**પરિશિષ્ટ-4**</u> થી સામેલ છે.

**પ્રશ્ન – 15 ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા કોઇપણ પ્રોડકટની પેટન્ટ મેળવવાની કાર્યવાહી થયેલ હોય તો તેની વિગતો આપવી.**

જવાબ-15. ફાર્મસી વિભાગ દ્વારા કોઇપણ પ્રોડકટની પેટન્ટ મેળવવાની કાર્યવાહી થયેલ નથી. પી.જી.ટી. વિભાગ દ્વારા કોઈ કાર્યવાહી થયેલ નથી. જી.એ. મહાવિદ્યાલય દ્વારા કોઈ કાર્યવાહી થયેલ નથી.

**પ્રશ્ન – 16 ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સંચાલિત ફાર્મસીમાં વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન નિર્માણ કરવામાં આવેલ દવાઓની તમામ વિગતો આપવી.**

જવાબ-16. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સંચાલિત ફાર્મસીમાં વર્ષ 2017-18 દરમ્યાન નિર્માણ કરવામાં આવેલ દવાઓની વિગતો નીચે મુજબ છે.

(1) ચુર્ણ- ૨૧૬૭૭.૨૦૦ કિલો ગ્રામ (2) વટી-૩૪૮૪.૦૦૦ કિલો ગ્રામ (3) ટેબલેટ- ૧૭૦.૩૦૦ કિલો ગ્રામ (4) તેલ-૭૦૭૫.૩૦૦ કિલો ગ્રામ (5) મંજન – ૩૩૭.૮૦૦ કિલો ગ્રામ (6) કવાથ- ૨૪૬૮૭.૯૦૦ કિલો ગ્રામ (7) થીસીસ – ૮૪ પ્રકારની દવાઓ (8) ઔષધિઓ શુધ્ધ કરણ-૧૩૬૨.૦૦૦ કિલો ગ્રામ (9) ભસ્મ-૨૬૦.૫૦૦ કિલો ગ્રામ (10) મલમ ૮૭૪.૧૦૦ કિલો ગ્રામ (11) રખરલીય રસાયણ -૬૨.૫૦૦ કિલો ગ્રામ (13) કજ્જલી – ૨૮.૦૦૦ કિલો ગ્રામ (13) ક્ષાર – ૬.૦૦૦ કિલો ગ્રામ

**પ્રશ્ન – 17** **ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સંચાલિત ફાર્મસીમાં હાલમાં ફરજ બજાવતા કાયમી તથા હંગામી અને આઉટસોર્સીંગ કર્મચારીઓની વિગતો આપવા વિનંતી.**

જવાબ-17. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સંચાલિત ફાર્મસીમાં હાલમાં ફરજ બજાવતા કર્મ ચારીઓની વિગતો નીચે મુજબ છે.

(1) કાયમી -૨૫

(2) હંગામી-નીલ

(3) આઉટ સોર્સિંગ -૧૨

**પ્રશ્ન – 18** **એમ.પી.આઇ.વાય.એન.ઇ.આર. દ્વારા ચલાવવામાં આવતા તમામ કોર્સની વિગતો આપવા વિનંતિ.**

જવાબ-18

**01.** **Bachelor Naturopathy & Yogic Sciences ( B. N. Y. S.)**

| | |
|---|---|
| Eligibility | 12th **Science ( B – Group )** |
| Duration | 5½ Years |
| Course Fee | Rs. 56,700/- for (One Year) |

**02** **P.G. Diploma in Yoga and Naturopathy (P.G.D.Y.N.)**

| | |
|---|---|
| Eligibility | Any Medical Graduate |
| Duration | 1 year |
| Course Fee | Rs. 21,500/- for (One Year) |

**03** **D. Nat.Yoga (Ayu.) (Health Education)**

| | |
|---|---|
| Eligibility | Any Graduate |
| Duration | 1 year |
| Course Fee | Rs. 20,500/- for (One Year) |

**04.** **Certificate In Yoga Education ( C.Y.Ed.)**

| | |
|---|---|
| Eligibility | 10th Pass or equivalent |
| Duration | **(A)**Full time **1 ½ Months** (06 Hours / day)<br>**(B)**Part time **06 Months** (02 Hours / day) |
| Course Fee | Rs. 7,750/- for (One Year) |

**05.** **Certificate In Yoga & Natural Therapies ( C.Y.N.T.)**

| | |
|---|---|
| Eligibility | Any Medical Graduate |
| Duration | **(A)** Full time **04 Months** (06 Hours / day)<br>**(B)** Part time **08 Months** (02 Hours / day) |
| Course Fee | Rs. 10,750/- for (One Year) |

06. **Certificate In Yoga & Natural Therapies ( C.Y.N.) ( only ofr Foreigners)**

| | |
|---|---|
| Eligibility | 12th Pass Or Twelve years of Schooling |
| Duration | Full time 06 **Months** (05 Hours / day) |
| Course Fee | 2000/- $ for |

07. **Practical Training Certificate in Yoga ( P.T.C.Y.)**

| | |
|---|---|
| Eligibility | 10th Pass |
| Duration | Full time 03 **Months** (01 Hours / day) |
| Course Fee | Rs. 3600/- for |

**પ્રશ્ન – 19 ઉપરોકત કોર્સમાં વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન એડમિશન થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા આપવા વિનંતિ.**

જવાબ-19 વર્ષ ૨૦૧૭ – ૧૮ માં થયેલ એડમીશન નું લિસ્ટ

| કોર્ષ નું નામ | | વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|---|
| **પી.જી.ડી.વાય.એન.** | ઓગસ્ટ – ૧૭ | ૩૪ |
| **ડી.નેટ.યોગ** | ઓગસ્ટ – ૧૭ | ૧૮ |
| **પી.ટી.સી.વાય.** | ઓગસ્ટ – ૧૭ | ૦૧ |
| | ફેબ્રુઆરી – ૨૦૧૮ | ૦૧ |
| **સી.વાય.એડ** | ફેબ્રુઆરી – ૨૦૧૭ | ૦૧ |
| | માર્ચ – ૨૦૧૭ | ૧૭ |
| | સપ્ટેમ્બર – ૨૦૧૭ | ૧૫ |
| | ફેબ્રુઆરી – ૨૦૧૮ | ૧૫ |
| ટોટલ | | ૧૦૨ |

**પ્રશ્ન – 20 ઉપરોકત સંસ્થાના ઇન્ફરા સ્ટ્રકચર ડેવલપમેન્ટ માટે કોઇ કાર્યવાહી થયેલ હોય તો તેની વિગતો આપવા વિનંતિ.**

જવાબ-20 સંસ્થાના ઇન્ફ્રાટ્રકચર ડેવલપમેન્ટ માટે હાલમાં સંસ્થાનાં બિલ્ડીંગ રિનોવેશન અંગેની કાર્યવાહી ચાલુ છે.

**પ્રશ્ન – 21 ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા કેમ્પસમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન બનાવવામાં આવેલ નવા બિલ્ડીંગોની માહિતી આપવા વિનંતિ.**

જવાબ-21 ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા કેમ્પસમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન બનેલ નવા બિલ્ડીંગોની માહિતી નીચે મુજબ છે.

1. શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ ચિકિત્સાલય માટે પંચકર્મ ભવન
2. યુનિવર્સિટી ફાર્મસી બ્લોક ભાગ-3
3. માન. કુલપતિશ્રી નિવાસ સ્થાન
4. કન્સ્ટ્રકશન ઓફ આઇ.સી.એ.એસ. ભવન
5. યુનિવર્સિટી લાયબ્રેરી બિલ્ડીંગ

**પ્રશ્ન – 22 ગુલાબ કુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય દ્વારા આયુષ મંત્રાલય દ્વારા મંજુર થયેલ કુલ કેટલા પ્રોજેકટ ચાલુ છે.**

જવાબ-22 આયુષ મંત્રાલય દ્વારા મંજૂર થયેલ બે પ્રોજેકટ ચાલુ છે.

**પ્રશ્ન – 23** **ઉપરોકત પ્રોજેકટના નામ, ફાળવવામાં આવેલ બજેટ તથા અત્યાર સુધી થયેલ કામગીરીની તમામ વિગતો આપવા વિનંતિ.**

જવાબ-23 ૧. Management of PANDU (ANEMIA) in adolescent girls and women of reproductive age group with Ayurvedic medicines at Jamnagar Taluka of Jamnagar district, Gujarat.

પ્રોજેકટ માટે ફાળવવામાં આવેલ બજેટ રૂ.૧,૪૯,૯૬૦૦૦/-

આ પ્રોજેકટમાં ૨૦૦ છોકરીઓનો સર્વે કરવામાં આવેલ છે.

પ્રોજેકટના સ્ટડી માટે ૪૦ સબ્જેકટને શોર્ટ લીસ્ટ કરવામાં આવ્યા છે.

૨. આયુષગુરૂ

પ્રોજેકટ માટે ફાળવવામાં આવેલ બજેટ રૂ.૭૧૦૦૦૦૦/-

પ્રોજેકટની કામગીરી ચાલુ છે.

<u>વૈદ્ય ધર્મેન્દ્રસિંહ બી. વાઘેલા</u>

**પુરક પ્રશ્ન** **આયુષગુરૂ પ્રોજેકટની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી.**

જવાબ - આયુષગુરૂ પ્રોજેકટ અંગે આયુષ મંત્રાલયના ૩-સંસ્થાઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવતી હોવાથી આયુષ મંત્રાલયના માર્ગદર્શન મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

**પ્રશ્ન – 24** **ગુલાબ કુંવરબા ચિકિત્સાલય દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ માં કરેલ નિદાન કેમ્પની તમામ વિગતો આપવા વિનંતિ.**

જવાબ-24 શ્રી ગુલાકુંવરબા ચિકિત્સાલય ધ્વારા નીચે મુજબ વર્ષ- ૨૦૧૭-૧૮ માં કરેલ નિદાન કેમ્પની તમામ વિગતો નીચે મુજબ છે.

| **Shri Gulabkunverba Ayurved Chikitsalaya, Jamnagar** | | | | |
|---|---|---|---|---|
| **Nidam Camp- 2017-2018** | | | | |
| Sr. No. | Date | General/ specific | Place | Total No of pt |
| 1 | 01/04/2017 | Arsha | શ્રી ગાયત્રી શકિતપીઠ, બાણુંગર | 69 |
| 2 | 09/04/2017 | General | શ્રી મુકતેશ્ર્વર મહાદેવ મંદિર વ્યવસ્થા સમિતિ, જામનગર | 145 |
| 3 | 10/04/2017 | Dant roga | શ્રી ગાયત્રી શકિતપીઠ, બાણુંગર | 100 |
| 4 | 16/05/2017 | General | શ્રી સોનલ માતાજી મંદિર, ૪૯ દિગ્વીજય પ્લોટના છેડે, ઉદ્યોગનગર, જામનગર | 150 |
| 5 | 16/07/2017 | General | શ્રી જિલ્લા પોલીસ અધિક્ષક સાહેબની કચેરી, ગ્રાઉન્ડ ફલોર, જામનગર | 72 |
| 6 | 20/08/2017 | General | શ્રી બ્રાહ્મણ જ્ઞાતીની વાડી, પંચેશ્વર ટાવર પાસે, જામનગર | 87 |
| 7 | 25/08/2017 | General | શ્રી પટેલ એકેડેમી ખોડીયાર કોલોની મેઇન રોડ, જામનગર | 319 |
| 8 | 10/09/2017 | General | આવાસ યોજના 'બી' ટાઇપ બ્લોક એમ.પી.શાહ ઉદ્યોગનનગર ગેઇટ નં.૨ પાસે, શરૂસેકશન રોડ, જામનગર. | 201 |

| | | | | |
|---|---|---|---|---|
| 9 | 17/09/2017 | General | ભવન્સ શ્રી એચ.જે.દોશી, આઇ.ટી.આઇ. મહિલા કોલેજ કેમ્પસ, જામનગર | 39 |
| 10 | 24/09/2017 | General | પાબારી હોલ તળાવની પાળ, જામનગર | 107 |
| 11 | 01/10/2017 | General | જિલ્લા જેલ, જામનગર | 126 |
| 12 | 19/11/2017 | General | શ્રી બ્રહ્મ ક્ષત્રિયની વાડી, ખંભાળીયા નાકા બહાર, જામનગર | 42 |
| 13 | 24/12/2017 | General | રંગુલનવાલા હોસ્પીટલ, કાલાવડ નાકા પાસે, જામનગર | 55 |
| 14 | 07/01/2018 | General | શ્રી આશાપુરા માતાજીનું મંદિર, મચ્છરનગર, જામનગર | 188 |
| 15 | 21/01/2018 | General | શ્રી મુકતેશ્ર્વર મહાદેવ મંદિર, મુરલીધરનગર-૨ , ગોકુલનગર, જામનગર | 100 |
| 16 | 28/01/2018 | General | પટેલ સમાજ, હર્ષદપુર, જી.જામનગર | 136 |
| 17 | 25/02/2018 | General | શ્રી નવાનગર ઓદિચ્ય સહસ્ત્ર ઝાલાવડી, બ્રહ્મસમાજ, ૯-૧૦ પટેલ કોલોની રોડ નં.૨, જામનગર | 86 |
| | | | **Total** | 2022 |

**પ્રશ્ન – 25** **આઇ.પી.જી.ટી. એન્ડ આર.એ. હોસ્પિટલ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન કરવામાં આવેલ નિદાન ચિકિત્સા કેમ્પની વિગતો આપવા વિનંતિ.**

જવાબ-25 આઇ.પી.જી.ટી. એન્ડ આર.એ. હોસ્પિટલ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન કરવામાં આવેલ નિદાન ચિકિત્સા કેમ્પની વિગતો **પરિશિષ્ટ-5** થી સામેલ રાખેલ છે.

**પ્રશ્ન – 26** **ગુલાબ કુંવરબા ચિકિત્સાલય દ્વારા ચલાવવામાં આવતી સેટેલાઇટ ઓપીડીની વિગતો આપવા વિનંતિ.**

જવાબ-26 શ્રી ગુલાકુંવરબા ચિકિત્સાલય ધ્વારા નીચે મુજબ ઓ.પી.ડી. ચલાવવામાં આવે છે.

| ક્રમ નં. | સેટેલાઇટ ઓ.પી.ડી.નું સ્થળ | શરૂ કર્યા તારીખ (સાપ્તાહિક OPD) | વર્ષ- ૨૦૧૭-૧૮ માં સારવાર આપેલ દર્દીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સેંટર ટ્રસ્ટ, સ્વામી નારાયણ નગર, જામનગર. | તા.૫-૧૨-૨૦૧૩ (દર શનિવાર) | ૯૭૨ |
| ૨ | બ્રહ્મ એજયુકેશન એન્ડ સોશ્યલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, દરેડ, જામનગર. | તા.૩-૭-૨૦૧૭ (દર શુક્રવાર) | ૫૦૫ |

| માસ (સાપ્તાહિક OPD) | સેટેલાઇટ ઓ.પી.ડી.નું સ્થળ | |
|---|---|---|
| | શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સેંટર ટ્રસ્ટ, સ્વામી નારાયણ નગર, જામનગર. | બ્રહ્મ એજયુકેશન એન્ડ સોશ્યલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, દરેડ, જામનગર. |
| એપ્રિલ-૧૭ | ૧૬૨ | - |
| મે-૧૭ | ૯૬ | - |

| | | |
|---|---|---|
| જુન-૧૭ | ૬૭ | - |
| જુલાઇ-૧૭ | ૩૫ | ૮૨ |
| ઓગસ્ટ -૧૭ | ૭૨ | ૫૭ |
| સપ્ટેમ્બર -૧૭ | ૭૯ | ૧૦૧ |
| ઓકટોબર-૧૭ | ૫૩ | ૨૦ |
| નવેમ્બર-૧૭ | ૫૭ | ૬૭ |
| ડીસેમ્બર-૧૭ | ૧૨૫ | ૮૮ |
| જાન્યુઆરી-૧૮ | ૧૩૭ | ૫૦ |
| ફેબ્રુઆરી-૧૮ | ૮૯ | ૪૦ |
| કુલ | ૯૭૨ | ૫૦૫ |

**પ્રશ્ન – 27 આઇ.પી.જી.ટી. એન્ડ આર.એ. દ્વારા ચલાવવામાં આવતી સેટેલાઇટ ઓપીડીની વિગતો આપવા વિનંતિ.**

જવાબ-27 આઇ.પી.જી.ટી. એન્ડ આર.એ. દ્વારા ચલાવવામાં આવતી સેટેલાઇટ ઓપીડીની વિગતો **પરિશિષ્ટ-6** થી સામેલ રાખેલ છે.

**પ્રશ્ન – 28 ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીમાં કુલ મંજુર થયેલ જગ્યાઓની વિગતો આપવા વિનંતિ.**

જવાબ-28 ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીમાં કુલ મંજુર થયેલ જગ્યાઓ - 274 છે તેમજ આયોજન હેઠળ તા. 31/03/2018 સુધી કુલ-25 નવી જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે.

**પ્રશ્ન – 29 ઉપરોકત મંજુર થયેલ જગ્યાઓમાંથી કુલ ભરાયેલ તથા ખાલી જગ્યાઓની તમામ વિગતો આપવા વિનંતિ.**

જવાબ-29 ઉપરોકત મંજુર થયેલ 274 જગ્યાઓમાંથી તા. 01/03/2018 ની સ્થીતીએ કુલ ભરાયેલ જગ્યા - 151 તથા કુલ ખાલી જગ્યા - 123 છે. આયોજન હેઠળ તા. 31/03/2018 સુધી નવી મંજુર થયેલ કુલ-25 જગ્યાઓ પૈકી અમુક જગ્યાઓ ભરવાની કાર્યવાહી ગતિમાં છે.

## વૈદ્ય ધર્મેન્દ્રસિંહ બી. વાઘેલા

**પુરક પ્રશ્ન ખાલી જગ્યાઓ ભરવા અંગે તાત્કાલીક કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.**

જવાબ - મા.કુલપતિશ્રી દ્વારા ખાલી જગ્યાઓ ભરવા અંગે વારંવાર સરકારશ્રીમાં લેખીત તેમજ મૌખિક રજુઆતો કરવામાં આવેલ છે.

**પ્રશ્ન – 30 ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કલાસ વન અધિકારીઓને યુ.જી.સી. સ્કેલ લાગુ પડે છે કે કેમ ? જો ઉપરોકત બાબતનો જવાબ ના હોય તો આ અંગે યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો આપવા વિનંતિ.**

જવાબ-30 ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કલાસ વન અધિકારીઓને ગુજરાત સરકારશ્રી ધ્વારા યુ.જી.સી. સ્કેલ લાગુ પાડવામાં આવેલ નથી. આ બાબતે યુનિવર્સિટી ધ્વારા ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિ, ગાંધીનગર તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરને પત્રો લખવામાં આવેલ છે.

<u>વૈદ્ય હસમુખભાઇ કરશનભાઇ પટેલ</u>

**પુરક પ્રશ્ન યુનિર્સિટીને યુ.જી.સી. સ્કેલ લાગુ પાડવા કાર્યવાહી કરવામાં આવેલ છે ?**

જવાબ - આ બાબતે સિન્ડિકેટની તા.08-02-2018 ની સભામાં કાર્યસૂચિ-55 થી યુનિવ્રિસટીના સંબંધિત અધિકારીઓ માટે યુ.જી.સી. સ્કેલ લાગુ પાડવા માટે જગ્યાઓ મુજબ દરખાસ્ત ગુજરાત સરકારને કરવામાં આવેલ છે. યુ.જી.સી. ની ગાઇડલાઇન મુજબ **NAAC** ની વિઝીટ લેવામાં આવેલ છે તેમજ **NAAC** દ્વારા યુનિવ્રિસટીને **Accredited Grade "A" by NAAC (CGPA 3.28)** આપવામાં આવેલ છે.

## <u>2) સેનેટર વૈદ્યશ્રી હનીફ બંગલાવાલા તરફથી પુછવામાં આવેલ પ્રશ્નો નીચે મુજબ છે.</u>

**પ્રશ્ન – 1 આપણી યુનિવર્સિટી સાથે હાલ શૈક્ષણિક વર્ષ- ૨૦૧૭-૧૮ દરમ્યાન કેટલી (૧) સરકારી (૨) ગ્રાન્ટ અને (૩)સેલ્ફ ફાઇનન્સ કોલેજો સંલગ્ન છે ?**

જવાબ-1. આ અંગેની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | કોલેજનું નામ | અભ્યાસક્રમનું નામ |
|---|---|---|
| ૧ | સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા | બી.એ.એમ.એસ |
| ૨ | શેઠ. જે. પી. સરકારી આયુર્વેદ કોલેજ, ભાવનગર | બી.એ.એમ.એસ |
| ૩ | સરકારી આયુર્વેદ કોલેજ, જુનાગઢ | બી.એ.એમ.એસ |
| ૪ | સરકારી અખડાનંદ આયુર્વેદ કોલેજ, અમદાવાદ | બી.એ.એમ.એસ |
| ૫. | સ્ટેટ મોડેલ ઇન્સ્ટીટયુટ ઓફ આયુર્વેદ સાયન્સ, કોલવડા, જી. ગાંધીનગર | બી.એ.એમ.એસ |
| **યુનિવર્સિટી સંચાલિત કોલેજ** | | |
| ૬ | ગુલાબકુવરબા આયુર્વેદ કોલેજ, જામનગર. | બી.એ.એમ.એસ |
| **ગાંન્ટ ઇન એઇડ કોલેજ** | | |
| ૭ | ઓ.. હી. નાઝર આયુર્વેદ કોલેજ, સુરત | બી.એ.એમ.અસ. |
| **સ્વનિર્ભર કોલેજ** | | |
| ૮ | ગોવિદભાઇ જોરાભાઇ પટેલ આયુર્વેદ કોલેજ, ન્યુ વલ્લભ વિદ્યાનગર | બી.એ.એમ.અસ. |
| ૯ | જે. એસ. આયુર્વેદ કોલેજ, નડીયાદ | બી.એ.એમ.એસ. |
| ૧૦ | શ્રી ધન્વંન્તરી આયુર્વેદ કોલેજ, કોયડમ, તા.વીરપુર | બી.એ.એમ.એસ. |
| ૧૧ | શ્રી વી. એમ. મહેતા, ઇન્સ્ટીટયુટ ઓફ આયુર્વેદ કોલેજ, આણંદપર, તા. કાલાવડ | બી.એ.એમ.એસ. |
| ૧૨ | ઇવા કોલેજ ઓફ આયુર્વેદ સુપેડી, તા. ધોરાજી | બી.એ.એમ.એસ. |
| ૧૩ | મંજૂશ્રી રીસર્ચ ઇન્સ્ટીટયુટ ઓફ આયુર્વેદ સાયન્સ, પીપ્લાજ, ગાંધીનગર | બી.એ.એમ.એસ. |
| ૧૪ | ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ આયુર્વેદ રીસર્ચ એન્ડ હોસ્પીટલ, રાજકોટ | બી.એ.એમ.એસ. |

| | | |
|---|---|---|
| ૧૫ | શ્રી સ્વામીનારાયણ આયુર્વેદ કોલેજ, મુ. સઇજ, તા. કલોલ | બી.એ.એમ.એસ. |
| ૧૬ | શ્રી આર.એમ.ડી.આયુર્વેદ કોલેજ એન્ડ હોસ્પીટલ, વાઘલધારા, જી. વલસાડ | બી.એ.એમ.એસ. |
| ૧૭ | નોબલ આયુર્વેદિક કોલેજ એન્ડ ઇન્સ્ટીટયુટ, જુનાગઢ | બી.એ.એમ.એસ. |
| ૧૮ | નેત્ર ચિકિત્સા આયુર્વેદ કોલેજ, અમરેલી | બી.એ.એમ.એસ. |
| ૧૯ | મુરલીધર આયુર્વેદ કોલેજ, કાલીપાટ, રાજકોટ | બી.એ.એમ.એસ. |
| ૨૦ | કે. જે. ઇન્સ્ટિટયુટ ઓફ આયુર્વેદા એન્ડ રીસર્ચ, સાવલી-જીલ્લો - વડોદરા, | બી.એ.એમ.એસ. |
| ૨૧ | અનન્યા આયુર્વેદ કોલેજ, કલોલ, જી. ગાંધીનગર | બી.એ.એમ.એસ. |
| ૨૨ | ગ્લોબલ ઇન્સ્ટીટયુટ ઓફ આયુર્વેદ, ત્રંબા, રાજકોટ | બી.એ.એમ.એસ. |
| ૨૩ | બી.જી. ગરૈયા આયુર્વેદ કોલેજ, મુ: કાલીપાટ, રાજકોટ | બી.એ.એમ.એસ. |
| ૨૪ | ભાર્ગવા આયુર્વેદ કોલેજ, મુ. દાહેમી, જી.આણંદ | બી.એ.એમ.એસ. |
| ૨૫ | મોરારજી દેસાઇ પ્રાકૃતિક ચિકિત્સા અને યોગ કોલેજ,વડોદરા. | બી.એન.વાય.એસ. |
| | **યુનિવર્સિટી સંચાલિત** | |
| ૨૬ | એમ.પી.આઇ.વાય.એન.ઇ.આર. જામનગર (SFI) | બી.એન.વાય.એસ |
| ૨૭ | ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ આયુર્વેદ ફાર્મસી સાયન્સ, જામનગર (SFI) | બી.ફાર્મ/ડી. ફાર્મ |
| ૨૮ | ઇન્સ્ટીટયુટ ઓફ પોસ્ટ ગ્રેજયુટ ટીચીંગ એન્ડ રિસર્ચ આયુર્વેદ, જામનગર | પોસ્ટ ગ્રેજયુએટ અભ્યાસક્રમો (M.D.) |

**પ્રશ્ન – 2 શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન કેટલી કોલેજોની યુનિવર્સિટી સાથે એફીલીએશન માટે અરજી આવેલ હતી ? તેમાથી કેટલી કોલેજોને યુનિવર્સિટીએ એફીલીએશન આપ્યું અને કેટલી કોલેજોને નકાર્યુ ?**

જવાબ-2. નીચે મુજબ કોલેજોની અરજી આવેલ હતી.

| ક્રમ | કોલેજનું નામ | કોર્સ | રીમાર્ક |
|---|---|---|---|
| 1 | નેત્ર ચિકિત્સા આયુર્વેદ કોલેજ, અમરેલી | BAMS | |
| 2 | બી.જી. ગરૈયા આયુર્વેદ કોલેજ, રાજકોટ | BAMS | સી.સી.આઇ.એમ. તરફથી ફાઇનલ એફીલીએશન મળેલ છે. યુનિવર્સિટી દ્વારા નોટીફીકેશન ઓફ એફીલીએશન આપવા માટે નિરીક્ષણ કાર્ય અંગેનો રિપોર્ટ સિન્ડીકેટ સમક્ષ સાદર કરવામાં આવેલ છે. |
| 3 | અનન્યા આયુર્વેદ કોલેજ, કલોલ | BAMS | |
| 4 | ગ્લોબલ ઇન્સ્ટીટયુટ ઓફ આયુર્વેદ, રાજકોટ | BAMS | |
| 5 | નોબલ આયુર્વેદિક કોલેજ એન્ડ ઇન્સ્ટીટયુટ, જુનાગઢ | BAMS | |

| | | | |
|---|---|---|---|
| 6 | મુરલીધર આયુર્વેદકોલેજ, રાજકોટ | BAMS | |
| 7 | કે. જે. ઇન્સ્ટિટયુટ ઓફ આયુર્વેદા એન્ડ રીસર્ચ, સાવલી | BAMS | |
| 8 | ભાર્ગવા આયુર્વેદ કોલેજ, મુ. દાહેમી, જી.આણંદ | BAMS | |
| 9 | જય જલારામ આયુર્વેદ મેડીકલ કોલેજ, મું. શીવપુરી, પો. કારણપુર જી. પંચમહાલ | BAMS | |
| 10 | લાઇફ મિશન ઇન્સ્ટીટયુટ ઓફ આયુર્વેદ, મુ. જાખણ તા.લીમંડી | BAMS | |
| 11 | ક્રિષ્ના આયુર્વેદ મેડીકલ કોલેજ, વરણામા- વડોદરા | BAMS | |
| 12 | ગોકુલ આયુર્વેદ કોલેજ, સિધ્ધપુર, જી પાટણ | BAMS | |
| 13 | શંકરસિંહ વાઘેલા બાપુ ઇન્સ્ટીટયુટ ઓફ આયુર્વદ | BAMS | |

**નીચે મુજબની કોલેજને યુનિર્સિટી તફરથી કન્સેન્ટ ઓફ એફીલીએશન આપવામાં આવેલ છે. પણ સી.સી.આઇ.એમ. ન્યુ દિલ્હી તરફથી ફાઇનલ એફીલીએશન મળેલ ન હોય, જેથી યુનિવર્સિટી તરફથી નોટીફીકેશન ઓફ એફીલીએશન આપવામાં આવેલ નથી**

| ક્રમ | કોલેજનું નામ | કોર્સ |
|---|---|---|
| 1 | જય જલારામ આયુર્વેદ મેડીકલ કોલેજ, મું. શીવપુરી, જી. પંચમહાલ | BAMS |
| 2 | લાઇફ મિશન ઇન્સ્ટીટયુટ ઓફ આયુર્વેદ, મુ. જાખણ તા.લીમંડી | BAMS |
| 3 | ક્રિષ્ના આયુર્વેદ મેડીકલ કોલેજ, વરણામા- વડોદરા | BAMS |
| 4 | ગોકુલ આયુર્વેદ કોલેજ, સિધ્ધપુર, જી પાટણ | BAMS |
| 5 | શંકરસિંહ વાઘેલા બાપુ ઇન્સ્ટીટયુટ ઓફ આયુર્વદ | BAMS |

**પ્રશ્ન – 3 નવા શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માટે કેટલી કોલેજોની આપણી યુનિવર્સિટીમાં એફીલીએશન માટે અરજી આવી છે.**

જવાબ-3. અંગેની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | આ કોલેજનું નામ | કોર્સ | રિમાર્કસ |
|---|---|---|---|
| 1 | ડો. વસંત પરીખ આયુર્વદ મેડીકલ કોલેજ, વડનગર | BAMS | રી.એલ.આઇ.સી. માટે ફોર્મ ભરીને મોકલવા માટે પત્ર પાઠવવામાં આવેલ છે. |
| 2 | મરચન્ટ આયુર્વેદ કોલેજ, બાસણા, જી. મહેસાણા | BAMS | કન્સેન્ટ ઓફ એફીલીએશન આપવામા આવેલ છે. |
| 3 | લાઇફ મિશન ઇન્સ્ટીટયુટ ઓફ આયુર્વેદ, મુ. જાખણ તા.લીમંડી | BNYS | સરકારશ્રીનું NOC મોકલેલ નથી તે માટે પત્ર પાઠવામાં આવેલ છે. |
| 4 | સ્વાસ્થ્ય ઇન્સ્ટીટયુટ ઓફ નેચરોપેથી એન્ડ યોગીક સાયન્સ, રાજકોટ | BNYS | સરકારશ્રીનું NOC મોકલેલ નથી તે માટે પત્ર પાઠવામાં આવેલ છે. |

**પ્રશ્ન – 4** **પારૂલ કોલેજમાં આપણી યુનિવર્સિટીની એલ.આઇ.સી. ટીમ તપાસ અર્થે જાય છે કે નહી ? જો નહિતો શા માટે નહી ? અને જો ના જતી હોય તો પારૂલ કોલેજના વિદ્યાર્થીઓની આપણી યુનિવર્સિટી પરીક્ષા કેમ યોજે છે. ?**

જવાબ-4. આ અંગેની માહિતી નીચે મુજબ છે.

(૧) એલ.આઇ.સી. ટીમ તપાસ અર્થે નથી જતી.

(૨) યુનિવર્સિટીની નિયત એફીલીએશન ફી અને નિરિક્ષણ ફી સાથેનું ફોર્મેટ હજુ સુધી મળ્યું ન હોવાથી LIC પ્રકિયા થઇ શકે નહી.

(3) પરીક્ષા વિભાગને લગત છે.

વધુમાં જણાવવાનું કે કોલેજ તરફથી નામ. હાઇકોર્ટમાં સ્પે. સીવીલ એપ્લીકેશન નં.૧૫૪૬૬/૨૦૧૫થી દાખલ કરવામાં આવેલ છે, તદાનુસાર કાર્યવાહી હાથ ધરેલ છે.

– **પારૂલ કોલેજના વિધાર્થીઓની આપણી યુનિવર્સિટી પરીક્ષા કેમ યોજે છે ?**

તા.૨૧-૦૭-૧૫ ની સિન્ડીકેટમાં નકકી થયા મુજબ નામ.હાઈકોર્ટના આખરી ચૂકાદાને આધિન શરત.. એનરોલમેન્ટ આપવામાં આવેલ જે અન્વયે તત્કાલીન કુલપતિશ્રીની મંજુરી તેમજ પેનલ એડવોકેટશ્રીના અભિપ્રાય અનુસાર પારૂલ કોલેજના વિધાર્થીઓની પરીક્ષા લેવામાં આવે છે.

<u>વૈદ્ય હનીફમોહમદ દાઉદભાઈ બંગલાવાલા</u>

**પુરક પ્રશ્ન– પારૂલ કોલેજમાં સી.સી.આઇ.એમ. નાં નિયમ મુજબ આકશ્મીક મુલાકાત લઇ આગળની કાર્યવાહી કરવી જોઇએ.?**

જવાબ- પારૂલ કોલેજનાં જે વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ છે તેવા વિદ્યાર્થીની ફાયનલ પરીક્ષા સુધીજ કાર્યવાહી કરવાની રહે છે. પારૂલ યુનિવર્સિટી અલગથી સ્થાપવામાં આવેલ હોવાથી આકશ્મીક મુલાકાત થઇ શકે નહી.

**પ્રશ્ન – 5** **આપણી યુનિવર્સિટીની એલ.આઇ.સીની ટીમ કોઇપણ કોલેજમાં અગાઉથી કોલેજના આચાર્યશ્રીની સગવ પ્રમાણે તારીખ અને સમય નકકી કરીને તપાસ અર્થે જાય છે. તેનો કોઇ અર્થ રહેતો નથી ? મારૂં પોતાનુ અંગત એવું માનવું છે કે કોઇ પણ કોલેજમાં એલ.આઇ.સી.ની ટીમ તપાસ અર્થે જાય તે કોઇ પણ જાતની જાણ વગર અચાનક રેન્ડમલી જાય એવું થવુ જોઇએ એ શકય છે કે નથી ?**

જવાબ-5. 1. અભિપ્રાયનો પ્રશ્ન છે. 2. એલઆઇસીના ચેરમેનશ્રી ઇચ્છે તો રેન્ડમલી જઈ શકે.

<u>વૈદ્ય વિપુલકુમાર શંકરલાલ વ્યાસ</u>

**પુરક પ્રશ્ન– આપણી યુનિવર્સિટીની એલ.આઇ.સીની ટીમ કોઇપણ કોલેજમાં કોઇપણ જાતની જાણ વગર અચાનક રેન્ડમલી જાય એવું થવુ જોઇએ ?**

જવાબ- આપણી યુનિવર્સિટીની એલ.આઇ.સીની ટીમ કોઇપણ કોલેજમાં કોઇપણ જાતની જાણ વગર અચાનક રેન્ડમલી જાય એવી વ્યવસ્થા માટે વિગતવાર ચર્ચા માટે સિન્ડિકેટની મિટીંગમાં પ્રસ્તાવ રજુ કરવામાં આવેલ છે.

**પ્રશ્ન – 6** **આયુર્વેદના એડમીશનમાં સંસ્કૃત વિષય (ધો.૧૦ અથવા ધો.૧૨)માં હોવો જરૂરી તો સંસ્કૃત વિષય એડમીશનના માપદંડમાંથી કાઢી નાખવા પાછળનું પ્રયોજન હેતુ શું. ? તેનાથી વિદ્યાર્થીને કે આયુર્વેદને કોઇ ફાયદો ? આયુર્વેદના અભ્યાસ માટે સંસ્કૃત જરૂરી છે કે નથી? આ નિર્ણય કોણે લીધો ? અને યુનિવર્સિટી સેનેટની પરવાનગી વગર આવો નિર્ણય લઇ શકાય ?**

જવાબ-6. આયુર્વેદ અભ્યાસક્રમમાં સંસ્કૃત જરૂરી છે કે નથી તે પ્રશ્ન અભિપ્રાયનો છે અને સિન્ડીકેટના અભિપ્રાય મુજબ જ સિન્ડીકેટની તા.05-01-2016 ની સભાની કા.સુ-08 થી સંસ્કૃત વિષય રદ કરવામાં આવ્યો અને તદાનુસાર ઓ..૫૭(૧)માં સુધારો કરવામા આવેલ.

આ નિર્ણય સેનેટની પરવાનગી વગર ન લઇ શકાય અને એથી જ સેનેટની તા.૧૮-૦૩-૨૦૧૬ની સભાની કા.સૂ-૮થી સાદર કરવામાં આવેલ, જેને સર્વાનુમંતે મંજૂર કરવા આવેલ.

વધુમાં જણાવવાનું કે, સિન્ડીકેટની તા.૦૮-૦૨-૨૦૧૮ની સભાની કા.સુ-૧૫ થી આયુર્વેદ વિદ્યાશાખાના એડમિશનમાં સંસ્કૃત વિષયનો સમાવેશ કરવા બાબતનો સુધારો તાજેતરમાં ઓર્ડિનન્સ ૫૭માં કરવામાં આવેલ છે અને આજની સેનેટે સમક્ષ રજૂ કરવામા આવેલ છે.

## <u>3) સેનેટર વૈદ્યશ્રી વૈદ્ય દિપસિંહ બી. ચાવડા તરફથી પુછવામાં આવેલ પ્રશ્નો નીચે મુજબ છે.</u>

**પ્રશ્ન – 1** **કોઇપણ કોલેજને યુનિવર્સિટીની માન્યતા આપવા માટે ન્યુનતમ યુનિવર્સિટી માન્ય શૈક્ષણિક સ્ટાફની સંખ્યા કેટલી ?**

જવાબ-1. CCIM ના વખતોવખતના MSR મુજબ યુનિવર્સિટી કાર્યવાહી હાથ ધરે છે.

**પ્રશ્ન – 2** **યુનિવર્સિટી માન્યતા ન ધરાવતા શૈક્ષણિક સ્ટાફને કમિટીના કે બોર્ડના સભ્ય તરીકે શા માટે નિમંવામાં આવે છે.**

જવાબ-2. અભિપ્રાયનો પ્રશ્ન છે. વધુમાં જણાવવાનું કે માન્ય સતામંડળ દ્વારા જ જે-તે સભ્યની નિયુકિત થાય છે.

**પ્રશ્ન – 3** **સ્વનિર્ભર કોલેજોના વિધાર્થીઓ માટે ન્યુનતમ પરીક્ષા ફી રૂા.૧૫,૦૦૦/- જ્યારે સરકારી કોલેજોના વિધાર્થીઓ માટે વિધાર્થી દીઠ રૂા.૨૧૦૦/- લેવામાં આવે છે. આવી ફી નિર્ધારણની વિસંગતતા શા હેતુથી રાખવામાં આવી છે. ?**

જવાબ-3. સરકારી, ગ્રાન્ટ ઈન એઈડ તેમજ સ્વનિર્ભર કોલેજોના તમામ વિધાર્થીઓની પરીક્ષા ફી રૂા.૨૧૦૦/- લેવામાં આવે છે. તા.૨૧-૦૪-૦૭ ની સિન્ડીકેટની કા.સૂ.૪૦ થી નિર્ણય થયા અનુસાર સ્વનિર્ભર કોલેજની લઘુતમ પરીક્ષા ફી રૂા.૧૫,૦૦૦/- રાખવાનુ ઠરાવવામાં આવેલ છે આ ફી વિધાર્થી દીઠ નહી પણ કોલેજ દીઠ લેવામાં આવે છે. **<u>(પરિશિષ્ટ-7)</u>**

## <u>વૈદ્યશ્રી વૈદ્ય દિપસિંહ બી. ચાવડા</u>

પુરક પ્રશ્ન– **સ્વનિર્ભર કોલેજોના વિધાર્થીઓ માટે ન્યુનતમ પરીક્ષા ફી રૂા.૧૫,૦૦૦/- તેમજ સરકારી કોલેજોના વિધાર્થીઓ માટે વિધાર્થી દીઠ રૂા.૨૧૦૦/- લેવામાં આવે છે. આવી ફી નિર્ધારણની વિસંગતતા દૂર કરવા માટે નિયમો બનાવવા જોઇએ ?**

જવાબ- વિધાર્થીઓ પાસેથી ફી વસુલવા અંગેનો નિર્ણય જેતે કોલેજ દ્વારા કરવામાં આવે છે.

**પ્રશ્ન – 4** **આંતર કોલેજ બોર્ડ ઓફ સ્પોર્ટસ ની ઇવેન્ટ માં ભાગ લેતા સ્વનિર્ભર કોલેજના વિદ્યાર્થીઓ તથા તેઓના ટીમ મેનેજરશ્રીઓને ટી.એ. , ડી.એ. શા માટે આપવામાં આવતું નથી.**

જવાબ-4. સતામંડળનાં નિર્ણય અનુસાર કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પ્રશ્ન – 5** **યુનિવર્સિટી દ્વારા વર્ષ દરમ્યાન ઘણું બધુ સાહિત્ય છાપવામાં આવે છે તો યુનિવર્સિટી બંધારણની હેન્ડબુક આજ સુધીમાં સુધારાઓ સહિત છપાવવામાં આટલી નિરસતા શા માટે કરાય છે.**

જવાબ-5. અભિપ્રાયનો પ્રશ્ન છે.

## વૈદ્યશ્રી વૈદ્ય દિપસિંહ બી. ચાવડા

**પુરક પ્રશ્ન–** **હેન્ડબુક શા માટે સુધારીને છાપવામાં આવતી નથી ?**

જવાબ- આ અંગેની કાર્યવાહી બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

## 4) સેનેટર વૈદ્ય ગૌરાંગ દરજી તરફથી પુછવામાં આવેલ પ્રશ્નો નીચે મુજબ છે.

**પ્રશ્ન – 1** **હાલ યુનિવર્સિટીમાં ચાલતી તમામ સમિતિઓની સભ્યો સહિત માહિતી આપશો.**

જવાબ-1. પ્રશ્ન સંદિગ્ધ છે.

**પ્રશ્ન – 2** **ભરતીના નિયમો માટે બનાવેલી જુની કમિટિ (ડો. વાઘેલા, ડો. બઘેલ, ડો. જાડેજા) ને શા માટે રદ કરવામાં આવી તેના કારણો જણાવશો. ભરતી પ્રક્રીયા માટે આર. આર. મંજુર કરાવવા, જાહેરાત આપવી, ભરતીની પરીક્ષાઓ લેવી, નિમણુંક આપવી વગેરે ક્રમ કઇ કઇ ભરતીમાં જળવાયો નથી તેની માહિતી અને શા માટે જળવાયો નથી તે જણાવશો.**

જવાબ-2. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના સ્ટેચ્યુટ-24(2) (i)(b) મુજબ ઉપરોકત પ્રશ્ન Argument (દલીલ) નો છે.

**પ્રશ્ન – 3** **શિક્ષકો (યુ.જી./પી.જી.) કઇ કઇ ચૂંટણી (સેનેટ / પી.જી. બોર્ડ મેમ્બર) માં વોટ આપી શકે તે સ્પષ્ટ જણાવવું. શકય હોય તો કોઠો બનાવી રજુ કરશો નીતિ નિયમો સાથે.**

જવાબ-3. ધારાની કલમ - **2(13)(14)** તથા ધારાની કલમ - **15 (1) Class II – Ordinary Members (A)(i)(ia)** ની જોગવાઈ મુજબ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનાં શિક્ષકોની મતદાર યાદીમાંથી સ્ટેચ્યુટ-3 અને સ્ટેચ્યુટ-106 તથા ઓર્ડીનન્સ-162 ની જોગવાઈ મુજબ આચાર્ય સિવાયની મતદાર યાદી તૈયાર કરવામાં આવે છે. આ રીતે તૈયાર કરવામાં આવેલ મતદાર યાદીમાંથી 4-શિક્ષકોની ચૂટણી પ્રક્રિયા દ્વારા સેનેટ સદસ્ય તરીકે ચૂટાયેલ જાહેર કરવામાં આવે છે. જયારે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની ધારાની કલમ-15 કલાસ-**(II)** ઓર્ડીનરી મેમ્બર્સ- **A(ia)** તથા સ્ટેચ્યુટ-3 ની જોગવાઈ મુજબ બોર્ડ ઓફ પોસ્ટ ગ્રેજયુએટ ટીચીંગ એન્ડ રીસર્ચના શિક્ષકોમાંથી ડાયરેકટર, ડીન અને હેડસ ઓફ ડીપાર્ટમેન્ટ સિવાય પી.જી. શિક્ષક મતદાર યાદીમાંથી એકટ-1965 ની કલમ-**20(A)(1)(iv)(v)** મુજબ આઈ.પી.જી.ટી. એન્ડ આર.એ. નાં શિક્ષકોમાંથી એક સભ્ય ચૂંટાઈ તેને સિન્ડિકેટ દ્વારા પી.જી. બોર્ડનાં સભ્ય તરીકે નિયુકત કરવામાં આવે છે. જે આ સાથે <u>પરિશિષ્ટ-8, 9, 10</u> થી સામેલ છે.

**પ્રશ્ન – 4** **નેચરોપેથીના અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં સંસ્કૃતનો વિષય કેમ ભણાવાય છે ? શું નેચરોપેથીના પુસ્તકો સંસ્કૃતમાં સ્લોકો સાથે હોય છે ? પદાર્થ વિજ્ઞાન, ક્રિયા શારીર, બાયોકેમિસ્ટ્રી, દ્રવ્યના ગુણ કર્મ વગેરે વગેરે નેચરોપેથીમાં કેમ ભણાવાય છે ? સ્રોતસો મુજબ રોગો અને અગદતંત્ર વગેરે નેચરોપેથીમાં કેમ ભણાવાય છે ? કોલેજની સ્ટાફ રીકવાયરમેન્ટમાં આ વિષયો ભણાવવા કોઇ વિષયનો તજજ્ઞ માંગેલ નથી માત્ર કોલેજના દરેક વરસ માટે નેચરોપેથી અને બેઝીકના જ શિક્ષકો કેમ માંગેલ છે?**

જવાબ-4. નેચરોપેથીનાં અભ્યાસક્રમ - B.N.Y.S. પ્રથમ વર્ષમાં સંસ્કૃત વિષય યુનિવર્સીટી દ્વારા સામેલ હોવાથી ભણાવાય છે. નેચરોપેથી વિષયનાં પુસ્તકો સંસ્કૃત શ્લોકમાં નથી હોતાં પરંતુ નિસર્ગોપચારનું મૂળ

આયુર્વેદમાં હોઇ તથા યોગનાં મૂળભૂત ગ્રંથો સંસ્કૃતમાં હોઇ વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષય ભણવો આવશ્યક જણાય છે.

**પ્રશ્ન – 5 તાજેતરમાં જે એમ.કે.સી.એલ. સોફટવેરથી યુનિવર્સિટીની ઓનલાઈન કામગીરી કરવામાં આવે છે તેનો ખર્ચ તેમજ તેને લીધે થયેલ સમય-બચતની તમામ કાર્યવાહી સંક્ષિપ્તમાં જણાવો.**

જવાબ-5.

(૧) એમ.કે.સી.એલ. સાથે સર્વિસ લેવલ એગ્રીમેન્ટ અનુસાર પ્રથમ વર્ષના રૂ.પ લાખ આપવાનુ નકકી થયેલ છે જેનુ ચુકવણુ હજુ સુધી કરવામાં આવેલ નથી.

(૨) એમ.કે.સી.એલ. સાથે સર્વિસ લેવલ એગ્રીમેન્ટ કર્યા પહેલા બી.ફાર્મ (પ્રથમ વર્ષ) ની મે-૨૦૧૭ ની પરીક્ષા પાયોલોટ પ્રોજેકટ તરીકે એમ.કે.સી.એલ. દ્વારા કરવામાં આવેલ હતી.

(૩) ત્યારબાદ આ સોફટવેરની તમામ કમગીરીની વિગતોનો સિન્ડીકેટ સમક્ષ અહેવાલ રજુ કરવામાં આવેલ જેના નિર્ણય અન્વયે એક વર્ષ માટે સર્વિસ લેવલ એગ્રીમેન્ટ કરવામાં આવેલ.

(૪) આ કરાર અન્વયે નવેમ્બર-૨૦૧૭ની બી.એ.એમ.એસ.ની પરીક્ષા એમ.કે.સી.એલ. સોફટવેરમાં લેવામાં આવેલ. જે અન્વયે પ્રથમ વર્ષની તમામ કોલેજોના વિધાર્થીઓના એનરોલમેન્ટ ઓનલાઈન કરેલ, ત્યારબાદ પરીક્ષા ફોર્મ ઓનલાઈન સબમીટ કરવામાં આવેલ. આ અંગેની સંલગ્ન કોલેજના તમામ આચાર્યશ્રી તથા સ્ટાફની ટ્રેનીંગ યુનિવર્સિટી ખાતે એમ.કે.સી.એલ.ના પ્રતિનિધિ મારફત આપવામાં આવેલ હતી.

(પ) એમ.કે.સી.એલ. સોફટવેરની મદદથી ઓનલાઈન એનરોલમેન્ટ, ઓનલાઈન પરીક્ષા ફોર્મ, બારકોડ જનરેટ, રોલ નંબર, હોલ ટીકીટ વિગેરે ઓટો જનરેટ કરવામાં આવે છે અને આ પ્રકીયા બાબતે કોઈપણ કોલેજના આચાર્ય તેમજસી.સુપરવાઈઝર તરફથી કોઈ ફરીયાદો આવેલ નથી. તમામ દ્વારા આ પધ્ધતી જુની પધ્ધતી કરતા અસરકારક છે તેવો ફીડબેક આપેલ છે.

(૬) પરીક્ષાર્થીઓની સંખ્યામાં ગત વર્ષની સરખામણીએ ૧૫૦% જેટલો તેમજ કોલેજોની સંખ્યા ૧૩ થી વધીને ૨૬ થયેલ છે. આથી દિન-પ્રતિદિન કોલેજો અને વિધાર્થીઓની સંખ્યા વધતી જાય છે જયારે યુનિવર્સિટીના કાયમી કર્મચારીઓની સંખ્યા ઘટતી જાય છે. આથી સમય-મર્યાદામાં ચોકકસાઈ પૂર્વક કામગીરી કરવા માટે નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવો અત્યંત આવશ્યક છે.

**પ્રશ્ન – 6 છેલ્લા ૧૦ વર્ષમાં કેટલા વિધાર્થીઓએ રી-ચેકીંગ અને રી-એસેસમેન્ટ કરાવ્યુ છે. આ પ્રકીયાને લીધે કેટલા વિધાર્થીઓના પરીણામો બદલવામાં આવ્યા છે. તેની વિગતો કોષ્ટક સ્વરૂપે આપો.**

જવાબ-6. STATUTE 24(2)(i)(g) ની જોગવાઈ અન્વયે સમય માંગી લે તેવી માહિતી છે.

**પ્રશ્ન – 7 પારૂલ યુનિવર્સિટી અસ્તિત્વમાં આવી તે વખતે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી તરફથી આવી કોઇ અન્ય યુનિવર્સિટી ન બને તે માટે સરકારશ્રીને કોઇ પત્ર લખવામાં આવ્યો છે.**

જવાબ-7. હા, પત્ર લખવામાં આવેલ છે.

**પ્રશ્ન – 8 પરીક્ષાની કામગીરી સંભાળવીએ પરીક્ષા વિભાગનુ જ કામ હોવા છતાં આ વિભાગને કયાં નિયમ હેઠળ ખાસ પરીક્ષા ભથ્થુ આપવામાં આવે છે. કોને કોને કેટલું ભથ્થુ મળે છે તેની વિગતો આપો.**

જવાબ-8. ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ નં.જીએયુ/૧૦૮૨/૧૬૭૯ (૮૩)/છ. તા.૨૦-૧૨-૧૯૮પ મુજબ બેઝીકના ૧૦% પરીક્ષા ભથ્થુ ચુકવવાની મંજુરી આપવામાં આવેલ. તે મુજબ જ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટના કર્મચારીઓને બેઝીકાના ૧૦% પરીક્ષા ભથ્થુ આપવામાં આવે છે. જેમા પરીક્ષા શાખા ઉપરાંત પરીક્ષાનુ કામ કરતા અન્ય શાખાના કર્મચારીઓને પણ પરીક્ષા ભથ્થુ આપવામાં આવે છે.

<u>વૈદ્યશ્રી પ્રેમજીભાઇ એસ. સાપાવાડીયા / વૈદ્યશ્રી ગૌરાંગકુમાર હસમુખભાઇ દરજી</u>

**પુરક પ્રશ્ન– પરીક્ષાની કામગીરી માટે કોને કોને ભથ્થુ મળે છે તેની વિગતો આપો.**

જવાબ- ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ નં.જીએયુ/૧૦૮૨/૧૬૭૯ (૮૩)/છ. તા.૨૦-૧૨-૧૯૮૫ મુજબ બેઝીકના ૧૦% પરીક્ષા ભથ્થુ ચુકવવાની મંજુરી આપવામાં આવેલ. વૈદ્યશ્રી ગૌરાંગ દરજી દ્વારા ઠરાવની નકલની માંગણી કરવામાં આવેલ હોવાથી ઠરાવની નકલ આ સાથે <u>પરિશિષ્ટ-11</u> થી સામેલ છે. જેને વિભાગના વિભાગીય વડાશ્રીઓ તરફથી પરીક્ષાની કામગીરી માટે મોકલેલ નામો મુજબના કર્મચારીઓ પાસેથી પરીક્ષાને લગતી કામગીરી લેવામાં આવે છે અને તેમને પરીક્ષા ભથ્થુ ચૂકવવામાં આવે છે.

**પ્રશ્ન – 9 છેલ્લા ઘણા સમયથી કોર્ટમેટર વધી છે, તેમ છતાં યુનિવર્સિટીના પક્ષમાં બહુ ઓછી મેટર જીતવા મળી છે. વકીલોની નિમણુંક, પેમેન્ટ કઇ પધ્ધતિથી કરવામાં આવી છે. બેથી વધુ મેટર હારવા છતાં પેનલ પર હોય તેવા વકીલોના નામ અને તેમને ચૂકવાયેલ રકમની વિગતો આપો.?**

જવાબ-9. પ્રશ્ન સંદિગ્ધ છે.

**પ્રશ્ન – 10 ફાર્મસી ડાયરેકટરની જગ્યા ભરવા માટે યુનિવર્સિટીએ સરકારશ્રીમાં કુલ કેટલી વખત રજૂઆત કરી છે.**

જવાબ-10. ફાર્મસી ડાયરેકટરની જગ્યા ભરવા માટે યુનિવર્સિટીએ સરકારશ્રીમાં આ જગ્યા ભરવા માટેની મંજુરી આપવા અનેક વખત રજુઆત કરેલ છે. છેલ્લા ચાર વર્ષમાં વીસથી વધુ વખત રજુઆત કરેલ છે.

<u>કાર્યસૂચિ-4</u> **ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીનો સને ૨૦૧૬-૨૦૧૭ના વર્ષના વાર્ષિક અહેવાલ અંગે.**

ઉપરોક્ત વાર્ષિક અહેવાલ કુલસચિવશ્રી આર.એમ. ઝાલા દ્વારા નીચે મુજબનો પ્રસ્તાવ રજુ કરવામાં આવેલ.

તા.31-03-2017ના રોજ પુરા થતા વર્ષનો ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સિન્ડિકેટની ભલામણ કરેલા સને ૨૦૧૬-૨૦૧૭ના વર્ષનો એકાવનમો વાર્ષિક અહેવાલની સેનેટની આ સભા વિચારણા કરી તેની નોંધ લે છે.

**ઉપરોક્ત પ્રસ્તાવ સેનેટ સદસ્યશ્રી વૈદ્ય કે. એલ. કોરડીયાએ ટેકો આપેલ. સદરહુ પ્રસ્તાવને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ.**

<u>કાર્યસૂચિ-5</u> **આઈ.પી.જી.ટી. એન્ડ આર.એ. વિભાગનો વર્ષ 2016-17 નો વાર્ષિક અહેવાલ મંજુર કરવા બાબત**

ઉપરોક્ત પ્રસ્તાવ આઈ.પી.જી.ટી. એન્ડ આર. એ. ના ડાયરેક્ટરશ્રી વૈદ્યશ્રી અનુપભાઇ ભાલચંદ્ર ઠાકર દ્વારા રજુ કરવામાં આવેલ.

આઈ.પી.જી.ટી. એન્ડ આર.એ. વિભાગનો વર્ષ 2016-17 નો વાર્ષિક અહેવાલનો મુસદો પીજી બોર્ડના સભ્યશ્રીઓને આ કાર્યાલયના પત્ર ક્રમાંક PGT/7-B/A.R.2016-17/2017-2018/1608, તા.26-09-2017 થી મોકલી આપેલ, જે અન્વયે તેઓ દ્વારા કોઈ જ સુધારાઓ / સુચનો મળેલ નથી. આઈ.પી.જી.ટી. એન્ડ આર.એ. વિભાગનો વર્ષ 2016-2017 ઓડીટ રીપોર્ટ તા.21-08-2017 ના રોજ યોજાયેલ 20મી Standing Finance Committee ની કાર્યસૂચિ-10 થી મંજુર થયેલ છે. ભારત સરકારશ્રીને આ કાર્યાલયના પત્ર ક્રમાંક PGT/7-B/A.R.2016-17/2017-18/2237, તા.08-12-2017 થી આઈ.પી.જી.ટી. એન્ડ આર.એ. વિભાગનો

વર્ષ 2016-2017 નો વાર્ષિક અહેવાલ છાપકામ કરી 70 નકલો આયુષ મંત્રાલય, ભારત સરકારશ્રી, નવી દિલ્હી ને મોકલી આપવામાં આવેલ.

"તા.31 મી માર્ચ 2017 ના રોજ પુરા થતા વર્ષનો ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના પીજી બોર્ડે રજુ કરેલા આઈ.પી.જી.ટી એન્ડ આર.એ. ના 2016-17ના વાર્ષિક અહેવાલ સેનેટની આ સભામાં વિચારણા કરી તેની નોંધ લે છે."

**ઉપરોક્ત પ્રસ્તાવ સેનેટ સદસ્યશ્રી વૈદ્ય ધર્મેન્દ્રસિંહ બ્રિજરાજસિંહ વાઘેલાએ ટેકો આપેલ. સદરહુ પ્રસ્તાવને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ.**

<u>કાર્યસૂચિ-6</u> **ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરનો 2016-17નો ઓડીટ રીપોર્ટ વર્ષ 2018-19 નું અંદાજપત્ર અને 2017-18 નું પુનઃનિર્મિત અંદાજપત્ર તથા યુનિવર્સિટીની સંલગ્ન સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓનો વર્ષ 2016-17 નો ઓડીટ રીપોર્ટ, વર્ષ 2018-19 નું અંદાજપત્ર અને 2017-18 નું પુનઃનિર્મિત અંદાજપત્ર ને બહાલી આપવા બાબત..**

ઉપરોક્ત ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી તથા નીચે દર્શાવેલ સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓનું અંદાજપત્ર તથા પુનઃનિર્મિત અંદાજપત્ર અને સી.એ. ઓડીટ રીપોર્ટ અંગે કુલસચિવશ્રી આર.એમ.ઝાલા દ્વારા નીચે મુજબ પ્રસ્તાવ રજુ કરવામાં આવેલ.

" સિન્ડિકેટની તા.08/02/2018 ના રોજ મળેલ સભામાં કાર્યસુચિ – 3 અન્વયે થયેલ ભલામણ અનુસાર તથા યુનિવર્સિટીના ધારાની કલમ -૪૩ તથા સ્ટેચ્યુટ -૮૦ અનુસાર ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીનું સને 2017-18 નું પુનઃનિર્મિત અંદાજપત્ર તથા 2018-2019 નું અંદાજપત્ર તેમજ સને 2016-17 નો ઓડીટ રીપોર્ટ અને ઓડીટેડ વાર્ષિક હિસાબો તેમજ યુનિવર્સિટી સંચાલિત નીચે દર્શાવેલ ચાર સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓનું સને 2018-19 નું અંદાજપત્ર અને સને 2017-18 નું પુનઃ નિર્મિત અંદાજપત્ર તથા 2016-17 નો ઓડીટ રીર્પોટ અને ઓડીટેડ વાર્ષિક હિસાબો પર સેનેટની આ સભાએ વિચારણા કરી અને તેની નોંધ લે છે."

1) આઈ. આઈ. એ. પી. એસ.
2) આઈ.સી.એ.એસ.
3) એમ.પી. આઈ.વાય. એન.ઈ. આર.
4) યુ.એસ.સી.ઈ.

**ઉપરોક્ત પ્રસ્તાવ સેનેટ સદસ્યશ્રી વૈદ્ય અનુપકુમાર ભાલચંદ્ર ઠાકરએ ટેકો આપેલ. સદરહુ પ્રસ્તાવને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ.**

<u>કાર્યસૂચિ-7</u> **To consider and recommend the Revised Budget Estimates for the year 2017-18 and Budget Estimates for the Year 2018-19 of Institute for Post Graduate Teaching and Research in Ayurveda, Gujarat Ayurved University, Jamnagar.**

The **Revised Budget Estimates** for the Year **2017-18** of **Rs.3590/- Lacs** and **Budget Estimates** for the year **2018-19** of **Rs. 4440/- Lacs** have been proposed by the Institute

and to be sanctioned by Ministry of AYUSH, Govt. of India, New Delhi. Annual Audited Accounts for the Year 2016-17 have been prepared by C.A.
The senate may consider and approve the Budget Estimates and Annual Accounts which are presented above.

**For above revised budget estimates and Budget estimates of I.P.G.T. & R.A., following proposal is presented by registrar, Shri R.M.Jhala.**

The senate may consider and approve the Budget Estimate and Audit Accounts which are presented above.

**ઉપરોક્ત પ્રસ્તાવ સેનેટ સદસ્યશ્રી વૈદ્ય ધર્મેન્દ્રસિંહ બ્રિજરાજસિંહ વાઘેલાએ ટેકો આપેલ. સદરહુ પ્રસ્તાવને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ.**

**<u>કાર્યસૂચિ-8</u> સિન્ડિકેટ દ્વારા સુધારેલા ઓર્ડીનન્સોને બહાલી આપવા બાબત**

**<u>સુધારેલ ઓર્ડિનન્સો :-</u>**

ઓર્ડિનન્સ નંબર :- 57, 134 ,134-A, 115(A) II,136-A.

**ઉપરોક્ત સુધારેલા ઓર્ડીન્સો પૈકી ઓર્ડીન્સ-57 ને રીફરબેક કરવામાં આવેલ તેમજ અન્ય સુધારેલ ઓર્ડીન્સોને બહાલી આપવા સેનેટ સદસ્ય વૈદ્યશ્રી કાન્તિલાલ લક્ષ્મીદાસ કોરડીયાએ ટેકો આપેલ જેને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ. જે <u>પરિશિષ્ટ-12</u> થી સામેલ છે.**

**<u>કાર્યસૂચિ-9</u> સ્ટેચ્યુટ-2 ના 2(1)(2)(10)(11)(12)ના સુધારા માટે સિન્ડિકેટની જુદી જુદી સભાઓમાં થયેલ ભલામણો પરત્વે સેનેટની જુદી જુદી સભાઓમાં રીફરબેક થયેલ સ્ટેચ્યુટ અંગે .(સેનેટ-સિન્ડિકેટ શાખા)**

સેનેટની તા.24-03-2017 ની વાર્ષિક સભામાં કાર્યસુચિ-9 થી રજુ કરવામાં આવેલ સ્ટેચ્યુટ-2 માં સુધારો કરવા અંગે રજુ થયેલ પ્રસ્તાવ રીફરબેક થયેલ. જે સિન્ડિકેટની તા.19-07-2017 ની સભામાં કાર્યસૂચિ-, તથા સિન્ડિકેટની તા.08-02-2018 ની સભામાં કાર્યસૂચિ-33 થી રજુ કરવામાં આવેલ.

સિન્ડિકેટની તા.19-07-2017 ની સભા દ્વારા રીફરબેક થયેલ સુધારો સેનેટ સમક્ષ (સરક્યુલર મિટીંગથી) રજુ કરવા ભલામણ કરવામાં આવેલ અને ત્યારબાદ આગામી સિન્ડિકેટ સમક્ષ રજુ કરવાનું ઠરાવેલ.

સેનેટની સરકયુલર મિટીંગ યોજવા માટે માન.કુલાધિપતિશ્રી (માન.રાજયપાલશ્રી) ની મંજુરી માટે યુનિવર્સિટીના પત્ર નં.એસ.એસ.-5/4/2017-18/1697, તા.09-08-2017 થી વિનંતી કરેલ. રાજયપાલશ્રીના સચિવશ્રીની કચેરી, રાજભવન, ગાંધીનગરનાં પત્ર નં.UNI-2217-U-717-GS-6114, Dt.28-08-2017 થી આ અંગે માન.કુલાધિપતિશ્રીની મંજુરી આપવાની થતી નથી, તેમ પ્રત્યુતર આવેલ.

ઉપરોકત વિગતે સિન્ડિકેટની તા.31-01-2017 ની સભામાં કાર્યસુચિ-25 થી સિન્ડિકેટ સદસ્ય વૈદ્ય કે. એલ. કોરડીયા દ્વારા મતદાર યાદી સુધારવા બાબતે નવી નોંધણી તથા ફેરનોંધણીની ફી નિ:શુલ્ક કરવા બાબતે પ્રસ્તાવ રજુ કરવામાં આવેલ, જેમાં સ્ટેચ્યુટ-2 ના 2(1)(2)(12) માં સુધારો કરી રૂા.100/- ની જગ્યાએ

રૂ।.500/- પ્રથમ રજીસ્ટ્રેશન સમયે ચુકવવાનું નક્કી કરવામાં આવેલ છે. તદઅનુસાર સ્ટેચ્યુટ-2 માં સુધારા અંગેનો પ્રસ્તાવ રજુ કરેલ.

સિન્ડિકેટની તા.08-02-2018 ની સભામાં થયેલ નિર્ણય મુજબ આગામી સેનેટ સમક્ષ રજુ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ, તદાનુસાર સેનેટ સમક્ષ સ્ટેચ્યુટ-2 માં સુધારા કરવા પ્રસ્તાવ રજુ કરેલ.

**ઉપરોક્ત પ્રસ્તાવને સેનેટ સદસ્ય વૈદ્યશ્રી કિરીટભાઈ બાબુભાઈ પટેલએ ટેકો આપેલ. જેને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ. જે <u>પરિશિષ્ટ-13</u> થી સામેલ છે.**

<u>કાર્યસૂચિ-10</u> **સેનેટ સદસ્યશ્રી વૈદ્ય દિપસિંહ બી. ચાવડા, વી.વી. નગર તરફથી નીચે મુજબનો પ્રસ્તાવ રજુ કરવાની નોટીસ આવી છે.**

**-: પ્રસ્તાવ :-**

પરિક્ષા દરમ્યાન કેટલાક વિદ્યાર્થીઓને સામાન્ય સ્વાસ્થ્યને લગતાં પ્રશ્નો ઉપિસ્થત થતાં જોવામાં આવેલ છે. તો પરિક્ષા શાખા દ્વારા દરેક કેન્દ્ર પર સામાન્ય જરુરી તબિબી સહાય હસ્તગત રાખવા માટે આદેશ કરવો જોઇએ.

**ઉપરોક્ત પ્રસ્તાવને વૈદ્યશ્રી ગૌરાંગકુમાર હસમુખભાઇ દરજી, ઠાસરાએ ટેકો આપેલ. સદરહુ પ્રસ્તાવ સિન્ડિકેટ સમક્ષ રજુ કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.**

<u>કાર્યસૂચિ-11</u> **સેનેટ સદસ્યશ્રી વૈદ્ય દિપસિંહ બી. ચાવડા, વી.વી. નગર તરફથી નીચે મુજબનો પ્રસ્તાવ રજુ કરવાની નોટીસ આવી છે.**

**-: પ્રસ્તાવ :-**

યુનિવ્રિસટીની લેખિત પરિક્ષા દરમ્યાન વિડીઓ સી.ડી. બનાવવી અનિવાર્ય છે અને જે આવકાર્ય પણ છે. પરંતુ મોટા ભાગની કોલેજોમાં જે કોઇ કર્મચારીઓ પરિક્ષા અર્થે મુકવામાં આવે છે તેમાં શૈક્ષિણક તેમજ બિન શૈક્ષિણક કર્મચારીઓ હોય છે જેઓ કોમ્પ્યુટરનું ટેકનીકલ જ્ઞાન ધરાવતાં નથી. જેને કારણે અવ્યવસ્થા સર્જાય છે. તો આ અંગે આ બાબતને ધ્યાને લઇ પરિક્ષા દરમ્યાન એક ટેકનીકલ સ્ટાફની પોસ્ટ ઉમેરવી જોઇએ તેમજ યોગ્ય મહેનતાણું ચુકવવાની જોગવાઇ કરવી જોઇએ.

**ઉપરોક્ત પ્રસ્તાવ અંગેની ચર્ચા સિન્ડીકેટમાં કરવામાં આવેલ હોવાથી સેનેટ સદસ્યશ્રી વૈદ્ય દિપસિંહ બી. ચાવડા, વી.વી. નગર દ્વારા પ્રસ્તાવ પરત ખેંચવામાં આવ્યો.**

<u>કાર્યસૂચિ-12</u> **સેનેટ સદસ્યશ્રી વૈદ્ય ગૌરાંગ દરજી, ઠાસરા તરફથી નીચે મુજબનો પ્રસ્તાવ રજુ કરવાની નોટીસ આવી છે.**

**-: પ્રસ્તાવ :-**

**સેનેટ મિટીંગ વર્ષમાં ૨-વાર બોલાવવી અને પ્રશ્ન પૂછવાનો સમય વધારવો.**

સેનેટ સદસ્યો પોતાનો અમુલ્ય સમય કાઢી આવતા હોય અને સિન્ડિકેટ ની 4 થી વધુ સભાઓનું કાર્ય એક સભામાં સેનેટને જોવાનું થાય છે.

વિધાનસભા કે સંસદ લાંબો સમય ચાલતી હોઇ એક કલાકનો સમય હોય છે. સેનેટ માટે આવી બીબાઢાળ પધ્ધતિને બદલે સમય બદલવો.

તારાંકિત બિન તારાંકિત પ્રશ્નો નકકી કરવા / કરાવવા.

**ઉપરોક્ત પ્રસ્તાવ અંગે ચર્ચા વિચારણાને અંતે મા.કુલપતિશ્રી દ્વારા એકટ / સ્ટેચ્યુટની જોગવાઇમાં સ્પષ્ટ જોગવાઇ હોવાથી ફેરફાર થઇ શકે તેમ નથી તેમ જણાવેલ. ઉપરોક્ત પ્રસ્તાવને વૈદ્યશ્રી કાન્તિલાલ લક્ષ્મીદાસ કોરડીયાએ ટેકો આપેલ. સદરહુ પ્રસ્તાવ સિન્ડિકેટ સમક્ષ રજુ કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.**

**<u>કાર્યસૂચિ-13</u> સેનેટ સદસ્યશ્રી વૈદ્ય ગૌરાંગ દરજી, ઠાસરા તરફથી નીચે મુજબનો પ્રસ્તાવ રજુ કરવાની નોટીસ આવી છે.**

## -: પ્રસ્તાવ :-

ચૂંટણી પ્રક્રિયા ને પારદર્શક બનાવવા વિડીયો રેકોર્ડીંગ કરાવવું તેની કમિટી બનાવી નીતિ નિયમો ચુંટણી અધિકારીશ્રી સાથે વિમર્શ કરવા. જેનું ખર્ચ સરકાર તરફથી હોઇ યુનિવર્સિટી ઉપર ભારણ નથી.

**ઉપરોક્ત પ્રસ્તાવને વૈદ્યશ્રી કાન્તિલાલ લક્ષ્મીદાસ કોરડીયા, જુનાગઢએ ટેકો આપેલ. સદરહુ પ્રસ્તાવ સિન્ડિકેટ સમક્ષ રજુ કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.**

**<u>કાર્યસૂચિ-14</u> સેનેટ સદસ્યશ્રી વૈદ્ય ગૌરાંગ દરજી, ઠાસરા તરફથી નીચે મુજબનો પ્રસ્તાવ રજુ કરવાની નોટીસ આવી છે.**

## -: પ્રસ્તાવ :-

યોગની યુનિવર્સિટી અલગ બની ગઇ હોઇ નેચરોપેથી કોલેજો આ યોગ યુનિવર્સિટીમાં એફીલેશન માટે જાય. આ પ્રસ્તાવ વૈદ્ય ગૌરાંગ દરજીએ પરત ખેચ્યો હતો.

## -: ભલામણ :-

આયુર્વેદની ભરતી કુષિ યુનિવર્સિટીની જેમ આપણી યુનિવર્સિટી દ્વારા જ કરવામાં આવે જેથી વહેલી તકે યોગ્ય વિદ્યાર્થીઓ મળી શકે તે અંગે સરકારને રજુઆત કરવી તેમજ કાયદાકીય તજવીજ હાથ ધરવી.

**ઉપરોક્ત પ્રસ્તાવને વૈદ્યશ્રી કિરીટભાઈ બાબુભાઈ પટેલએ ટેકો આપેલ. સદરહુ પ્રસ્તાવ સિન્ડિકેટ સમક્ષ રજુ કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.**

**<u>કાર્યસૂચિ-15</u> યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં જુદાંજુદાં અભ્યાસક્રમોના ડીગ્રી ડીપ્લોમાં પ્રમાણપત્રો સંબંધિત વિદ્યાર્થીઓને રૂબરૂ/પોસ્ટ દ્વારા મોકલી આપવા બાબત.**

યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં ડીપ્લોમાં, સ્નાત્તક, અનુસ્નાત્તક તથા પીએચ.ડી. જેવા જુદાંજુદાં અભ્યાસક્રમોમાં નીચે જણાવ્યાં મુજબના અભ્યાસક્રમોની સામે દર્શાવેલ માસ/વર્ષના વિદ્યાર્થીઓને ડીગ્રી એનયાત કરવાની થાય છે.

| ક્રમ | અભ્યાસક્રમ | માસ/વર્ષ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| 1 | BAMS | October-2016 | 224 |
| 2 | BAMS | May-2017 | 36 |
| 3 | BAMS | November-2017 | 33 |
| 4 | MD/MS (Ayu.) | August-2017 | 105 |
| 5 | Ph. D. (Ayu Pharm) | 2017 | 05 |
| 6 | Ph. D. (Medi. Plants) | 2017 | - |
| 7 | Ph. D. (Ayu.) | 2017-18 | 22 |
| 8 | BNYS | April-2017 | 03 |
| 9 | BNYS | October-2017 | 03 |
| 10 | M.Pharm (Ayu.) | August-2017 | 08 |
| 11 | M.Pharm (Ayu.) | December-2017 | 01 |
| 12 | M.Sc (Medi. Plants) | January-2017 | 01 |
| 13 | B.Pharm (Ayu.) | May-2017 | 13 |
| 14 | B.Pharm (Ayu.) | December-2017 | 01 |
| 15 | D.Pharm (Ayu.) | May-2017 | 25 |
| 16 | D.Pharm (Ayu.) | December-2017 | 07 |
| 17 | PGDYN | April-2017 | 14 |
| 18 | PGDYN | September-2017 | 26 |
| 19 | D. Nat & Yoga (Ayu) | April-2017 | 03 |
| 20 | D. Nat & Yoga (Ayu) | September-2017 | 14 |
| | | **Total** | **544** |

ઉપરોકત પ્રસ્તાવ મુજબ વિદ્યાર્થીઓને ડીગ્રી/ડીપ્લોમાં સેનેટ દ્વારા મંજુર થવા પ્રસ્તાવ છે. જેથી પ્રસ્તાવમાં જણાવ્યાં મુજબના જે તે વર્ષના અને જેટલા વિદ્યાર્થીઓ અરજીઓ કરશે તેવા અને તેટલાંજ વિદ્યાર્થીઓના પ્રમાણપત્રોમાં માન. કુલપતિશ્રીની સહીઓ કરાવી એનાયત કરીએ અને તે મુજબ રજીસ્ટર રેકર્ડ તૈયાર કરીએ, બી.એ.એમ.એસ./બી.એન.વાય.એસ. અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ ઇન્ટર્નશીપ પૂર્ણ કરીને આ અંગેનું પ્રમાણપત્ર રજુ કરશે, ત્યારબાદ તેમને તેમનું ડીગ્રી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

તદ્ઉપરાંત જે વિદ્યાર્થીઓને કેશ પ્રાઇઝ એનાયત કરવાના થાય તેઓને પારિતોષિકની રકમનો મલ્ટીસીટી ચેક મોકલી આપીએ, જયારે સુવર્ણ/ગોલ્ડ પ્લેટેડ ચંદ્રકો એનાયત કરવાનું થતું હોય તેઓને એન્શ્યોર્ડ પોસ્ટ પાર્સલ દ્વારા મોકલી આપવાની મંજુરી આપવા પ્રસ્તાવ છે.

ઉપરોકત તમામ પ્રમાણપત્રોમાં પદવીદાન સમારોહની તારીખને બદલે સેનેટની સભાની તારીખ દર્શાવવાની મંજુરી માટે પ્રસ્તાવ રજુ કરેલ. .

ઉપરોકત બાબત અંગે ચર્ચા વિચારણાના અંતે પ્રસ્તાવ સેનેટની સભા દ્વારા સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ જેને સેનેટ સદસ્ય વૈદ્યશ્રી કમલેશભાઇ હેંમતલાલ ભોગાયતા અને વૈદ્ય કિરીટભાઈ બી. પટેલએ ટેકો આપેલ.

પ્રમુખશ્રીના આભાર સાથે સભાનું કામકાજ પુર્ણ કરેલ.

(આર. એમ. ઝાલા)
કુલસચિવ

નં.આયુ/યુનિ/5-એસ-1/સેનેટ-82/226 **રજીસ્ટર એડી પોસ્ટપાર્સલ** તા.20-04-2018

પ્રતિ,

- **સેનેટના સર્વે સદસ્યશ્રીઓ તરફ...**

| | | |
|---|---|---|
| 1) | પરમ સન્માનીય માન. શ્રી ઓ.પી. કોહલી,<br>માન.કુલાધિપતિશ્રી અને રાજયપાલશ્રી, ગુજરાત રાજ્ય, | ગાંધીનગર |
| 2) | વૈદ્ય સંજીવ એમ. ઓઝા, કુલપતિશ્રી | જામનગર. |
| 3) | શ્રી બી. ટી. ત્રિવેદી, ભૂતપૂર્વ કુલપતિશ્રી | સુરત. |
| 4) | વૈદ્ય અનુપકુમાર ભાલચંદ્ર ઠાકર, ડાયરેક્ટર ઓફ બોર્ડ ઓફ પીજીટી | જામનગર |
| 5) | શ્રી આર.એમ. ઝાલા, કુલસચિવ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી | જામનગર. |
| 6) | સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, | ગાંધીનગર. |
| 7) | કમિશ્નરશ્રી, હેલ્થ એન્ડ મેડીકલ સર્વિસીઝ, | ગાંધીનગર. |
| 8) | નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિ, | ગાંધીનગર. |
| 9) | એડવાઈઝર(આયુર્વેદ), આઈ.એસ.એમ.એન્ડ એચ., આયુષ મંત્રાલય | ન્યુ દિલ્હી. |
| 10) | વૈદ્ય મલ્હારી કમલાકર સરદેશપાંડે, આચાર્યશ્રી, જી. જે પટેલ આયુર્વેદ કોલેજ | વી. વી. નગર |
| 11) | વૈદ્ય અર્જુનસિંધ સુખદેવસિંઘ બઘેલ, શિક્ષકશ્રી | જામનગર |
| 12) | વૈદ્ય કમલેશ હેમંતલાલ ભોગાયતા, શિક્ષકશ્રી | ભાવનગર |
| 13) | વૈદ્ય રાકેશકુમાર બશિષ્ઠ મિશ્રા, શિક્ષકશ્રી | જુનાગઢ |
| 14) | વૈદ્ય દિપસિંહ ભીખુભાઈ ચાવડા, શિક્ષકશ્રી | આણંદ |
| 15) | વૈદ્ય ધર્મેન્દ્રસિંહ બ્રિજરાજસિંહ વાઘેલા, શિક્ષકશ્રી, પી.જી. બોર્ડ | જામનગર |
| 16) | વૈદ્ય રવિન્દ્રભાઈ નટવરલાલ અમીન, સ્નાતક | વડોદરા |
| 17) | વૈદ્ય હનીફમોહમદ દાઉદભાઈ બંગલાવાલા, સ્નાતક | સુરત |
| 18) | વૈદ્ય હસમુખ કરશનભાઇ પટેલ, સ્નાતક | અમદાવાદ |
| 19) | વૈદ્ય ધર્મેન્દ્રકુમાર વાસુદેવ રાવલ, સ્નાતક | ડીસા |
| 20) | વૈદ્ય ગૌરાંગકુમાર હસમુખભાઇ દરજી, સ્નાતક | ઠાસરા |
| 21) | વૈદ્ય કાન્તિલાલ લક્ષ્મીદાસ કોરડીયા, સ્નાતક | જુનાગઢ |
| 22) | વૈદ્ય વિપુલકુમાર શંકરલાલ વ્યાસ, સ્નાતક | ભાવનગર |
| 23) | વૈદ્ય અતુલભાઈ વૈદ્ય, ગુજ.આયુ. વિકાસ મંડળ | અમદાવાદ |
| 24) | સચિવશ્રી, આયુષ વિભાગ, મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર | ન્યુ દિલ્હી |

| | | |
|---|---|---|
| 25) | એડવાઈઝરશ્રી, આયુષ વિભાગ, મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર | ન્યુ દિલ્હી |
| 26) | શ્રી રમણીકલાલ કેશવજી શાહ, શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ સોસાયટી | જામનગર |
| 27) | વૈદ્ય કિરીટભાઈ બાબુભાઈ પટેલ, ગુજરાત સરકાર દ્વારા નિયુક્ત | અમદાવાદ |
| 28) | વૈદ્ય વાસુદેવભાઈ પંડ્યા, ગુજરાત સરકાર દ્વારા નિયુક્ત | ખેડા |
| 29) | વૈદ્ય પ્રેમજીભાઈ એસ. સાપાવાડીયા, ગુજરાત સરકાર દ્વારા નિયુક્ત | સુરેન્દ્રનગર |
| 30) | વૈદ્ય દિનેશભાઈ શર્મા, ગુજરાત સરકાર દ્વારા નિયુક્ત | સુરત |

<u>નકલ રવાના :-</u>

1) પી.એસ. ટુ વી.સી
2) પી.એ. ટુ રજીસ્ટ્રાર
3) હિસાબી શાખા
4) પરીક્ષા શાખા
5) મહેકમ શાખા
6) એકેડમિક વિભાગ
7) માહિતી વિભાગ
8) મદદનીશ કુલસચિવશ્રી, આઈ.પી.જી.ટી.એન્ડ આર
9) નિયામકશ્રી, ફાર્મસી વિભાગ
10) નિયામકશ્રી, બોટાનીકલ ગાર્ડન
11) આચાર્યશ્રી, યુ.જી. કોલેજ
12) આચાર્યશ્રી, આઇ.આઈ.એ.પી.એસ.
13) આચાર્યશ્રી, એમ.પી.આઈ.વાય.એન.ઈ.આર.
14) પોગ્રામ ઓફીસર, આઈ.સી.એ.એસ.
15) પ્રોગ્રામ ડાયરેકટર, સ્કુલ ઓફ કન્ટીન્યુઇંગ એજયુકેશન.
16) પ્રોજેકટ ડાયરેકટરશ્રી, ડીપાર્ટમેન્ટ ઓફ પ્રોજેકટ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર
17) શ્રી એચ.પી. ઝાલા, કો-ઓર્ડીનેટર, આઈ.ક્યુ.એ.સી, ચાણક્ય ભવન, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર